Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૮ • તા. ૨૮ એપ્રિલ થી ૪ મે ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14

॥ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥



શ્રી અચલગચ્છ (વિધિપક્ષ) પ્રવર્તક
નવમ શતાબ્દિ નાયક, દંતાણીરત્ન, મહાત્યાગી
**પૂ.આ. દાદા ગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.**



શાસનસમ્રાટ, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિશ્રી
**પ.પૂ.આ.ભ.શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**
જન્મ શતાબ્દિ વર્ષ અને દીક્ષા હીરક વર્ષ ઉજવણી
નિમિતે સર્વે પરમોપકારી ગુરૂદેવોને કોટિ કોટિ વંદના...
એમની રત્નત્રયી આરાધના-સાધનાની પ્રેરક-પ્રભાવના,
અથાગ પ્રયત્નો, માર્ગદર્શન-ઉપકારો અને ઋણ કૃતજ્ઞતાનું
સ્મરણધ્યાન કરી ગુરૂભક્તિ ભાવના ભાવીએ છીએ...



એ પ્રભાવી પરંપરાએ આજે પણ.. સંઘ, ગચ્છ
અને સમાજના કલ્યાણાર્થે વર્તમાન અચલગચ્છાધિપતિ,
તપસ્વી સમ્રાટ, સળંગ ૪૪મા વર્ષીતપનાં આરાધક ગુરૂદેવ
**પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.**

અને



સાહિત્ય દિવાકર, યુવાચાર્ય **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
શાસન અને ગચ્છગૌરવ માટે અથાક પરિશ્રમે સતત પ્રવૃત, સર્વથા
સમર્પિત સેવાભાવ આપી રહ્યા છે.

**એ સર્વે ગુરૂદેવોને સકલ સંઘની કોટિશઃ વંદના....**

આ અક્ષય તૃતિયાએ પારણા કરનારા સર્વે વરસીતપ આરાધકોને સુખ-શાતા પૃચ્છા અને આગામી વર્ષમાં ૧૫૦૦થી વધુ ભાવિકો સમુહ વરસીતપ અભિયાનમાં જોડાયા છે એ સર્વેને હાર્દિક અભિનંદન, અનુમોદના અને શાતાપૂર્વક નિર્વિઘ્ને તપારાધના કરી કર્મનિર્જરા કરો એવી શુભેચ્છા... શાસન-ગચ્છનાં વિશિષ્ટ અવસર ઉજવણીએ આપ સૌ અનુપમ તપોબળ સંચિત કરી પુણ્ય ઉપાર્જનનું પ્રેરક પરિબળ બની રહ્યા છો એમની તપોભાવનાની ભૂરી ભૂરી અનુમોદના... – સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિ પરિવાર

# સામાજિક કાર્યકર શ્રી પ્રબોધ મુનવરને અમદાવાદમાં રાજ્યસ્તરે મળેલ સન્માનની ઝલક...













# "છેડા" અને "નાગડા" પરિવારનું ગૌરવ







**Rushabh Lalitkumar Chheda** (Age : 22 years)

Jasapar - Ahmedabad

Successfully completed S.Y. MCA (Trimester-VI) with Cumulative Grade of A Grade.
Submitted a Research Paper on :
**"Model for Re-ranking Agent on Hybrid search engine for E-Learning"**
**At an International Conference on Technology for Education T4E-2012** to be held in Hyderabad Sponsored by IEEE computer Society, which has been accepted successfully.

**અંતરનાં આશિર્વાદ**

દાદી-દાદા : કસ્તુરીબેન સોમચંદ ખીંયશી છેડા (જશાપર)

માતા-પિતા : વર્ષા લલિત સોમચંદ છેડા

નાની-નાના : રાજબાઈ સોમચંદ વેલજી નાગડા (નલિયા)

બહેન : અવની લલિત છેડા

અને સમસ્ત છેડા પરિવારના જય જિનેન્દ્ર

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: સમિતિ સભ્યો :**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | - |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | - |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

## પાંજે કવિ "તેજ" જો તત્વજ્ઞાન

જ્ઞાતિગૌરવ કવિ "તેજ" કચ્છી સાહિત્ય સર્જનમાં અનેક કાવ્યસંગ્રહ રજુ કરી ચુક્યા છે. તેમના વિવિધ રસનાં કાવ્યો અને રચનાઓ ક્યારેક માણસને વિચારતા કરી મુકે તેવું જબ્બર તત્વજ્ઞાન માત્ર બે પંક્તિઓમાં પીરસ્યું છે.

કવિ તેજ જીવનના અમૃત મહોત્સવમાં પ્રવેશી રહ્યા છે ત્યારે તેમણે મર્મની વાતો સહજભાવે અભણપણે આપણે તે સહેજ મમળાવીને તેનો સાર ગ્રહીએ. અહીં પ્રસ્તુત છે કેટલીક પ્રેરણાદાયી વાતોનાં અંશ સાથે પૂ. ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રવિજયજી "ચિન્મય" એ કરેલ અંગ્રેજી અનુવાદની પંક્તિઓ જે આપણને જીવનનો મર્મ સમજાવી જાય છે.

ખિલીં ગિન મિલી ગન, હીં મોભતજો મેડો;
ચઈ ડીંએંજે ખેલમેં, "તેજ" ખોભરો કેડો?
Meet, greet and treat people with love and care;
How long our stay will be in this life's fair?

બીં જાતેંજા માડૂ "તેજ" જીયણમેં જિએંતા;
હિકડા લૂઈ ડીંએંતા, બેઆ લૂઈ પીંએંતા!
Two types of people here on earth live;
Those who suck other's blood and those who give

કિત સ્વારથજે સુખમેં સુરે પિઈ જિંધગી,
કિંત ડાખડેજે ડુખમેં ડુરે પિઈ જિંધગી,
હિત જન્મીને ઉજવેતી ખુશાલી જિંધગી,
કિત મરીને ખફણલાય કરગરે પિઈ જિંધગી
A ife here is creeping with mirth,
A life there is worn by strain,
Here's jubilation over a birth,
There a shroud for a dead begets pain

માણેઓ ત મિંજ પિઈ માણે ગિનોં "તેજ";
ભાંકી સાંયર વટ લૅરીએંજા લેંખા ન વેં.
Plungs into the sea and enjoy if you dare;
To sit on bank and count ripples is not fair.

સફરજા માંગણા ને મુસાફરજો મરો;
નકા હલકાજે કોથરેમેં પિંઢજો હોય કુરો?
Travel demands and the traveller has to drag;
A courier owns nothing, though much is in his bag.

મૈંધરે ચેઓં : "ઇમારત અસીં નિઢુ બધબો."
"તેજ" સે સુણીને ખનેર ખિલી પેઆ.
"The edifice will be sound" - when the masons figured;
Hearing these boastful words, the old ruins sniggered.

અચેં તેંકે મિલાં, વિને તેંકે ભુલાં;
કેં મથે રૂંઆં આઉં કેં મથે ખિલાં?
I welcome those who may come my way,
I let go those who might go away;
For what should I be here glad?
And for what should I feel here sad?

– *"પ્રકાશ જા કિરણ" માંથી સાભાર....*

# ARIHANT BANK

**SHRI ARIHANT CO-OP. BANK LTD.**

Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S.Marg, Vikhroli (W), Mumbai- 400 083.

અક્ષય તૃતિયા "Bonanza"

## શ્રી અરિહંત બેંકની સ્થાપના દિન ૧૭ મે ૧૯૮૪ તથા અક્ષય તૃતિયા નિમિત્તે...

તા. ૩૦ જુન ૨૦૧૨ સુધી દરેક નવા ડીપોઝીટ ખાતાં ખોલાવનાર ખાતેદારોને બેંક તરફથી

## રૂા. ૧ લાખનો વ્યક્તિગત અકસ્માત વિમો

**(Personal Accident Death Cover Insurance)**

આપવામાં આવશે.

વધુ વિગત માટે બ્રાન્ચ મેનેજરનો સંપર્ક કરવા વિનંતી.



**સેલ... સેલ... સેલ...**

બાંધણીના કલાપ્રેમીઓ માટે આનંદ ઉત્સવ

૪૦% સુધીનું ડિસ્કાઉન્ટ

મંગળવાર તા.૧-૫-૧૨થી પ્રારંભ...

## પાલવ (મુલુંડ)

બાંધણી ● ચણિયા-ચોલી ● ડ્રેસ મટેરિયલ્સ ● બોર્ડર ● ઘરચોળા ● બ્લોક પ્રીન્ટેડ ફેબરીક

ડિઝાઇનર બ્લાઉસ, સ્ટીચીંગ અને કલાત્મક એમ્બ્રોઇડરી અમારી વિશેષતા

-: સંપર્ક :-

પાલવ : શોપ નં.૧, ઓ વિંગ, વર્ધમાનનગર, ભક્તિ માર્ગ, મુલુંડ (વે)

ફોનઃ 25616842 / 25906287

(સેલ દરમ્યાન દુકાન રવિવારે પણ ચાલુ રહેશે)


## દ્વિતિય પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ
૨૨-૦૪-૧૯૩૭
તેરા-કચ્છ



અરિહંત શરણ
૨૮-૦૪-૨૦૧૦
વડોદરા-ગુજરાત

### સ્વ. (અ.સૌ.) મણિબેન ધનજી રતનશી ગોશર

કચ્છ – બાયઠ

આપના અત્યંત પરિશ્રમી સ્વભાવ, હિંમત, અતુટ ધાર્મિક શ્રધ્ધા, સાદગી અને સરળ જીવન અમારા જીવનમાં સદા અંકિત રહેશે.

હે પરમ કૃપાળુ તમારા ચરણે આવેલ આ પરમ આત્માને તમારે શરણે લઈ મોક્ષના વરદાન આપજો, એવી સમસ્ત પરિવારની આપ પાસે બે હાથ જોડી પ્રાર્થના.

ધનજી રતનશી ગોશર (બાયઠ–મુલુન્ડ) સમસ્ત પરિવાર
મુલજી શિવજી સામંત ખોના (તેરા–કચ્છ) સમસ્ત પરિવાર
કલ્યાણજી મુલજી લોડાયા (તેરા–કચ્છ) સમસ્ત પરિવાર
ખેતશી શામજી ખોના (સુજાપર–બેંગલોર) સમસ્ત પરિવાર

જયશ્રી–રિતેશ, પ્રાપ્તિ–ભાવેશ–ગુંજ–મેહેર, નિપિન–કિંજલ–સ્પર્શ
મીના–હંસકુમાર–પરીપ–સચિન
ભદ્રા–નરેશ–મનાલી–વૃષ્ટિ, જલ્પા–હિમાંશુ–આર્યન, પુજા–જય–દર્શન

## વિવિધ સેવાકીય પ્રવૃતિઓ બદલ પ્રબોધ એચ. મનુવરને રાજ્યકક્ષાનો એવોર્ડ

ભુજ અને ભુજ વિસ્તાર તથા કચ્છમાં માનવસેવા અને જીવદયા પ્રવૃતિ સાથે સંકળાયેલા **માનવજ્યોત** સંસ્થા ભુજનાં પ્રમુખ **શ્રી પ્રબોધ એચ. મુનવર**ની વિવિધ સેવાકીય પ્રવૃતિઓની શ્રેષ્ઠ કામગીરીની નોંધ લઈ રાજ્ય સરકારશ્રીએ સેવા અને જાહેર સુખાકારી એવોર્ડ પ્રદાન કરેલ છે.



પુરસ્કારપ્રદાન સમારોહ રવિશંકર રાવળ કલાભવન, એલિસબ્રીજ અમદાવાદ મધ્યે સંતરામ મંદિર નડિયાદનાં **સ્વામિ મુક્તિવંદનાનંદજી,** રાજ્યનાં યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓનાં મંત્રી **શ્રી ફકીરભાઈ વાઘેલા,** રમત-ગમત યુવા સાંસ્કૃતિક વિભાગના સચિવ **શ્રી ભાગ્યેશભાઈ જહા,** યુવક-સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓનાં કમિશ્નર **શ્રી એમ. એમ. કોટવાલ**ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં રાજ્ય સરકારશ્રી દ્વારા શ્રી પ્રબોધભાઈ મુનવરને **રૂા.૫૦ હજારનો ચેક, પ્રશસ્તિપત્ર,** તથા ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રી દ્વારા **સુવર્ણચંદ્રક (મેડલ)** મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાનાં વરદ હસ્તે અર્પણ કરી સન્માનિત કરાયા હતા. અને સેવાકીય પ્રવૃતિઓની નોંધ લેવામાં આવી હતી.

આ એવોર્ડ પ્રદાન પ્રસંગે શ્રી પ્રબોધભાઈ મુનવરનાં પરિવારજનો, મિત્રો, "માનવજ્યોત"નાં કાર્યકરો, જૈન અગ્રણી શ્રી મુરજીભાઈ શાહ, ડો. વિનોદ જોષી, ગોવિંદભાઈ પાટીદાર, રવીલાલભાઈ રાવલ, હરીશભાઈ મુનવર, દિલીપભાઈ મૈશેરી, લહેરીભાઈ મૈશેરી તથા અન્ય આગેવાનો ખાસ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. ભુજ, કચ્છ, મુંબઈ, દેશ-દેશાવરથી સમાજનાં આગેવાનોએ શ્રી પ્રબોધભાઈ મુનવરને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી પ્રબોધભાઈ મુનવરે પોતાને મળેલ એવોર્ડની રકમમાં ઉમેરો કરી **રૂા.૫૧ હજાર માનવજ્યોત સંસ્થા-ભુજ**ને અર્પણ કર્યા હતા. ગાંધીનગરમાં રાજ્યકક્ષાનાં એવોર્ડની જાહેરાત થતાંજ કચ્છીઓ ઝુમી ઉઠ્યા હતા અને શ્રી મુનવરને અભિનંદન પાઠવ્યા હતા.

છેલ્લા ૨૫ વર્ષથી સેવાક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરી રહેલા પ્રબોધભાઈની વિવિધ સેવાકીય પ્રવૃતિઓની નોંધ રાજ્ય સરકારે લીધી હતી. સેવાક્ષેત્રની પણ કદર કરવામાં આવી. અને એવોર્ડથી તથા સુવર્ણચંદ્રક મેડલથી તેઓશ્રીને નવાજવામાં આવ્યા.

॥ દેવાધિદેવ શ્રી સુપાર્શ્વનાથ સ્વામિને નમઃ ॥

# શ્રી મોડપર સુપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ

**કાર્યાલય :** શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર-ગુણભારતી કાર્યાલય,
૧૦૩, મેઘરત્ન એપાર્ટમેન્ટ, દેરાસર લેન, ઘાટકોપર (ઇ), મુંબઈ-૪૦૦ ૦૭૭

## શ્રી મોડપર સુપાર્શ્વનાથ તીર્થ વિકાસ સમારોહ આનંદ સંપન્ન...

ચૈત્ર વદ ૨ **તા.૮-૪-૧૨** રવિવારે હાલારમાં જામનગર નજીક આવેલ ૪૦૦ વર્ષ પ્રાચીન તીર્થ શ્રી મોડપર સુપાર્શ્વનાથ જૈન શ્વે. તીર્થનો વિકાસ સમારોહ તીર્થોદ્ધાર પ્રેરક, સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ સાધુ-સાધ્વીવૃંદની પ્રભાવક તારક નિશ્રામાં સવારે ૯॥ વાગે શરૂ થઈ બપોરે ૧॥ કલાકે આનંદે પૂર્ણ થયેલ. પ્રથમ મંગલ જ્યોત પ્રકટાવાયેલ હતી.



પ. દાદાગુરૂ આ.ભ.શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.શ્રીની ક્રિયોદ્ધાર, સૂરિપદ તથા વિધિપક્ષ અચલગચ્છની સમાચારી પ્રવર્તનના નવમ શતાબ્દિ વર્ષ તથા શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના જન્મશતાબ્દિ વર્ષ તથા સંયમ હીરક વર્ષની ઉજવણી સાથે યોજાયેલ. પૂ.દાદા ગુરુદેવાદિને વિધિપૂર્વક વંદના કર્યા બાદ પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.એ માંગલિક ફરમાવ્યા બાદ પ્રવચન આપતા, આપણે ઓસવાલો મારવાડ-સિંધ થરપારકર થઈ કચ્છ-વાગડ-હાલારમાં કઈ રીતે આવ્યા ને તે વખતે જે તે સમય પૂર્વ દાદા ગુરુ દેવોએ કેવી ચિંતાઓ સેવી હતી ને વર્તમાનમાં આપણા હિતચિંતક ગુરૂ ભગવંતો સેવી રહ્યા છે અને ધર્મ સંસ્કારોના સિંચન માટે સંસ્કૃતિના રક્ષા માટે વિહારો, પ્રવચનો અને પ્રેરણાઓ ઉપકાર કરતા રહ્યા છે. તે સમયે પૂ. દાદાગુરુ શ્રી કલ્યાણસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી જામનગરના ઓસવાલ અગ્રણી લાલન ગોત્રીય **શેઠ વર્ધમાન અમરશી**એ મોડપરતીર્થનું નિર્માણ કરેલ હતું. આજથી ૭૮ વર્ષો પૂર્વે પૂ.દાદાગુરુ આ.ભ. **શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.**એ કચ્છ-હાલાર દેશોદ્ધારક રૂપે વિચરી મોડપર તીર્થનો ઉધ્ધાર કરાવેલ હતો તથા આ તીર્થમાં જૈન ધર્મ તથા શિક્ષણ આપવા વિદ્યાપીઠ સ્થાપવાનો વિચાર રાખેલ હતો પણ વૃધ્ધાસ્થાને કારણે પુનઃ હાલાર ન પધારી શકતાં આ સ્વપ્ન અપૂર્ણ રહેલ. આ તીર્થનો દોઢ કરોડના ખર્ચે શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી, શેઠ શ્રી જીવણદાસ ગોડીદાસ (શ્રી શંખેશ્વર) પેઢી, મુલુન્ડ મૂ.પૂજક જૈન સંઘ (શ્રી વાસુપૂજ્ય દેરાસર, મુલુન્ડ) તેમજ અનેક સંઘો, ત્રિકુપનના દાતા પૂણ્યશાળીઓ તથા દાતા પરિવારો દ્વારા એજ સ્થાને જીર્ણોધ્ધારરૂપ ભવ્ય શિખરબધ્ધ સંગેમરમર મારબલ પાષાણથી નવનિર્માણ કાર્ય દ્રુત ગતિએ ચાલુ છે ત્યારે ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચ ભક્તિ, વ્યવસ્થાઓ, સ્ટાફના વેતન તથા વહીવટાદિ માટે બહોળા સાધારણ ફંડના આયોજનમાં આ તીર્થ પેઢીની ઝોળી સભર કરી દેવા અપીલ કરેલ.

ત્યારબાદ શ્રી સંકેત જીતેન્દ્ર છેડા (સુજાપર-ડોંબીવલી)એ તૈયાર કરેલ શ્રી મોડપૂર તીર્થની ડોક્યુમેન્ટરી ફિલ્મ સંઘે ઉપસ્થિત અતિથિઓ, શ્રાવક-શ્રાવિકાઓએ રસપુર્વક નિહાળેલ, ત્યારબાદ શ્રી નવકારમંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુ દ્વારા નિર્મિત-દિગ્દર્શિત રસપ્રદ બોધપાઠરૂપ **"વારસ કે આરસ?"** નાટિકા રજુ કરાયેલ.. શ્રી નંદુ ત્રિપુટીએ સંગીત મઢ્યા ગીતો અને સુંદર દષ્ટાંતો સાથે સમજણ આપેલ.. શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન, મુંબઈના પ્રમુખ **શ્રી નયનભાઈ** તથા અતિથિ **શ્રી તીલોકચંદભાઈ નરશી દંડ** (મલકાપુર), અગ્રણીઓ **શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી, શ્રી ભૂપેન્દ્રભાઈ મુરજી દંડ, શ્રી કાંતિલાલ ગાંગજી વોરા (કોઇમ્બતુર)** શ્રી શ્વે.મુ.જૈન સંઘ વાસુપુજ્ય દેરાસરના પ્રમુખ શ્રી દિપકભાઈ ગોશર, ,શ્રી હર્ષવંદન સોમચંદ ગોસરાણી (જામનગર), પ્રકાશચંદ નેમીચંદ સિંઘવી, ખુશાલભાઈ વોરા, બીપીનભાઈ પાશ્વીર નાગડા, સમસ્ત જ્ઞાતિ

મહાજનના સેક્રેટરી જનરલ **શ્રી ચિમનભાઈ મોતા**, મુંબઈ મહાજનના **શ્રી ચેતનભાઈ મોતા, શ્રી કુમારભાઈ દંડ, શ્રી સોમચંદ ઠાકરશી ઘરમશી** (ભરૂડીયા) વગેરેએ દાદા ગુરૂદેવો, પૂ.આ.શ્રી આદિનું ગુરૂપૂજન કરેલ. શ્રી મોડપર તીર્થના ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીને કામળી અર્પણ કરેલ. હાલાર પ્રદેશના સાત ગામોના શ્રેષ્ઠીવર્યો સર્વ શ્રી **(૧) બાબુલાલ જીવરાજ લોડાયા (૨) જયંતીલાલ નાગશી લોડાયા (૩) તિલક જયંતીલાલ ખોના (૪) કમલેશ વિશનજી લાપસીયા (૫) શ્રી સુરેશ વીરચંદ દંડ (૬) જીવરાજ ગોવિંદજી લોડાયા (૭) શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ઘરમશી** આદિએ પધારેલ સમારંભ પ્રમુખ, સર્વે અતિથિવિશેષો, સાતગામના શ્રેષ્ઠીવર્યો, સમારોહના સાધર્મિક ભક્તિના દાતા પરિવારો, શ્રી નરેન્દ્રભાઈ નંદુ, શ્રી સમસ્ત જ્ઞાતિ મહાજનના સેક્રેટરી જનરલ **શ્રી ચીમનભાઈ મોતા** તેમજ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ.



**આભાર-અપેક્ષા :** આ સમારંભમાં અમોને અપાયેલ સહકાર બદલ અમો સર્વેનો આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ આજ રીતે સાથ-સહકાર આપતા રહેશો એજ અપેક્ષા છે.

દરેક સમાજના પ્રતિનિધિઓ એવમ શ્રાવક-શ્રાવિકાઓ મળી ૧૨૦૦ જણાંની વિશાળ હાજરીથી કાલિદાસ હોલ સભર થઈ ગયેલ.

શ્રી સુપાર્શ્વનાથદાદા સાતમા ભગવાન હોઈ રૂા.૭૭૭૭ ના દાનપત્રનું વિમોચન **શ્રી નયનભાઈ ભેદા** આદિ અતિથિઓએ કરેલ. **શ્રી રાયચંદભાઈ ઘરમશી, શ્રી ભૂપેન્દ્રભાઈ દંડ**ના અનુમોદનીય દાનની શરૂઆત થતા **શ્રી નયનભાઈ ભેદા, શ્રી તિલોકચંદભાઈ દંડ, શ્રી કાંતિલાલભાઈ વોરા, શ્રી રાજેશ કાંતિલાલ ઘરમશી** તેમજ **શ્રી સોમચંદ ઠાકરશી ઘરમશી**એ વેગ આપતા. અતિથિઓ તથા ભાવિકોએ કુપનો નોંધાવ્યા હતા. આ પ્રસંગે લગભગ **રૂ.૮૩ લાખના** દાનવચનો નોંધાયા હતા.

સલાહકારો **શ્રી નરેન્દ્રભાઈ, શ્રી નરેન્દ્રભાઈ શિયાડ, શ્રી ભરતભાઈ તેમજ યુવા કાર્યકરો શ્રી મયુર દંડ, અરવીંદ લોડાયા, શ્રી અરવીંદ વિરચંદ ઘરમશી, શ્રી માણેકજીભાઈ લોડાયા** તેમજ તેમના સભ્યઓ તેમજ નામી-અનામી સર્વે કાર્યકરો ટીમે અનુમોદનીય સેવા આપેલ જેના સથવારે આ સમારોહ સફળ થયેલ.

**ક્ષમાયાચના :** આ કાર્યક્રમમાં દરમ્યાન પ્રયત્ન છતાં જાણતા/અજાણતા અમારાથી ક્યાં કોઈ કચાશ રહી હોય કે અવ્યવસ્થા થઈ હોય કે અસુવિધા થઈ હોય, કોઇનું પણ મન દુભાયું હોય તો અમે અંતઃકરણથી સૌના મિચ્છામીદુક્કડમ... લઈએ છીએ.

આ વિકાસયાત્રા સમારોહના જન્મદાતા અને વિકાસને મંઝિલે મુદો માંડવાની હિંમત આપતા નવકારમંત્ર આરાધક, તપસ્વી **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** તેમજ આ વિકાસ યાત્રાને સમાજ સમક્ષ તરતી મૂકવા સંપૂર્ણ રીતે સાથ સહકાર આપનાર અમારા આપણા સૌના લાડીલા **શ્રી કાંતીલાલભાઈ વોરા** આ બન્ને માર્ગદર્શકોનો વિશેષ આભાર માનીએ છીએ

આ વિકાસયાત્રા માટે સંપૂર્ણ માર્ગદર્શન આપી, વિકાસયાત્રાની સફળતાના આર્શીવચન આપનાર શ્રી મોડપૂર તીર્થોધ્ધાર પ્રેરક, સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.આ.દિ.ઠાણાને કોટી કોટી વંદન. અમે તેમના ઋણી છીએ.

**-: ટ્રસ્ટીગણ :-**

**શ્રી પંકજ કેશવજી ઘરમશી (પ્રમુખ)**

**શ્રી જીવરાજ કીલાચંદ નાગડા   શ્રી નવીનચંદ્ર રતનશી લોડાયા   શ્રી અશોક મણીલાલ દંડ**

**શ્રી ભૂપેન્દ્ર લખમશી લોડાયા   શ્રી સુનિલ માણેકજી લોડાયા   શ્રી મનોજ ભવાનજી ખોના**

**શ્રદ્ધાસુમન**

## મધ્યાહ્ને થયો સૂર્યાસ્ત...કેવી રીતે જીરવાય આઘાત?

જન્મ
૦૨-૦૮-૧૯૭૭



અરિહંતશરણ
૧૮-૦૪-૨૦૧૨

### સ્વ. શૈલેશ જ્વેરચંદ કેશવજી લોડાયા (લાલા-ડોંબિવલી)

ન જાણ્યું જાનકીનાથે,સવારે શું થવાનું છે?

યૌવનમાં પ્રવેશેલું ફુલ ફોરમ ફેલાવ્યા પહેલા જ કરમાઈ ગયું પરમાત્મા એના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**~ શોકમગ્ન પરિવાર ~**

| | | |
|---|---|---|
| દાદા-દાદી | : | **માતુશ્રી મુરબાઈ કેશવજી કલ્યાણજી લોડાયા** (લાલા) |
| માતા-પિતા | : | **અ.સૌ. રમીલાબેન તથા જ્વેરચંદ કેશવજી લોડાયા** (લાલા) |
| ધર્મપત્ની | : | **ગં.સ્વ. દક્ષાબેન શૈલેશ જ્વેરચંદ લોડાયા** (લાલા) |
| પુત્રો | : | **જીનેશ અને શિવમ શૈલેશ જ્વેરચંદ લોડાયા** (લાલા) |
| ભાઈ | : | **હસમુખ જ્વેરચંદ કેશવજી લોડાયા** (લાલા) |
| ભાઈના વહુ | : | **અ.સૌ. પુનમ હસમુખ જ્વેરચંદ લોડાયા** (લાલા) |
| બેન-બનેવી | : | **અ.સૌ. શિતલ ભરત મુરજી નાગડા** (રાપર) |
| ભાણેજ | : | **કુ. રોનક ભરત મુરજી નાગડા** (રાપર) |
| કાકા-કાકી | : | **અ.સૌ. કાંતાબેન ખીમજી કેશવજી લોડાયા** (લાલા) |
| " | | **અ.સૌ. ચેતનાબેન મુલચંદ કેશવજી લોડાયા** (લાલા) |
| " | | **અ.સૌ. રેખાબેન ગુલાબચંદ કેશવજી લોડાયા** (લાલા) |
| કાકાઈ ભાઈઓ | : | **અ.સૌ. પ્રીતિબેન અશ્વિન ખીમજી લોડાયા** (લાલા) |
| " | | **અ.સૌ. હીનાબેન હરીશ ખીમજી લોડાયા** (લાલા) |
| " | | **અ.સૌ. હેતવી હિતેન મુલચંદ લોડાયા** (લાલા) |
| " | | **આદર્શ ગુલાબચંદ કેશવજી લોડાયા** (લાલા) |
| કાકાઈ બેન | : | **કુ. ભક્તિ ગુલાબચંદ કેશવજી લોડાયા** (લાલા) |
| કાકાઈ બેન-બનેવી | : | **અ.સૌ. દીપ્તી જીનેશ લલિત દંડ** (સાંધવ) |
| ફુઈ-ફુવાઓ | : | **ગં.સ્વ. વનીતાબેન નવિનચંદ નાગડા** (રાપર) |
| | | **અ.સૌ. હીરાબેન હેમંત ખીમજી વિક્રમશી** (વારાપધ્ધર) |
| બાળગોપાળ | : | **જીયા, વેન્સી, કૃપા અને હેત** |
| સાસુ-સસરા | : | **અ.સૌ. લતાબેન તથા કલ્યાણજી લક્ષ્મીચંદ ડાઘા** (સુથરી) |
| નાનાણાં | : | **સ્વ. રતનબાઈ દામજી નેણશી મોતા** (તેરા-હૈદરાબાદ) |




### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈનો અનુમોદનીય નિર્ણય

મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા તા.૧૪-૪-૧૨ના અમદાવાદમાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"ના સુવર્ણ જયંતી પ્રસંગના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે પધારેલ, ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ દ્વારા ગાંધીનગરમાં આકાર પામેલ "મંજુલ-હરખ ધામ-સિનિયર સિટીઝન હોમ"ના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમણે પોતાના પ્રવચનમાં જણાવેલ કે મુંબઈમાં ઘાટકોપર, મુલુન્ડ, ડોમ્બીવલી, નવી મુંબઈ વગેરે પરાંઓમાં અતિથિગૃહો અને વિવિધલક્ષી સંકુલો બનાવવાનું વિચારી રહેલ છે. આ જાતનો પ્રયાસ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન દ્વારા અમલ કરવામાં આવશે તો તે ખરેખર પ્રશંસનીય રહેશે. જેના કારણે મુંબઈમાં પોતાનાં ધંધાકીય અને સામાજિક કામે આવતા તેમજ મેડિકલ સારવાર માટે આવતા જ્ઞાતિજનો માટે આશિર્વાદરૂપ બની રહેશે તેમાં કોઈ શંકા નથી. મને આશા છે કે મહાજનની યંગ ટીમ સમાજના જરૂરતમંદોના રહેઠાણના, મેડિકલ અને શિક્ષણના પ્રશ્નોને પણ વહેલાસર હાથ પર લઈ એ દિશામાં સઘન પ્રયત્નો કરી સમાજને નવી દિશામાં લઈ જશે.

*અમદાવાદ : ૨૪-૪-૧૨* *ચંદ્રકાંત દામજી શાહ*

### મુંબઈમાં અતિથિગૃહ

આજના યુગમાં કોઈ પણ કામ કરવું અઘરું નથી. મનમાં પાકો નિર્ધાર હોય અને કાર્યકર્તાઓ સાચી મહેનત કરવાવાળા હોય તો ગમે તે કામ આસાન છે.

આજે જ્ઞાતિમાં સમસ્ત મહાજન અને મુંબઈ મહાજનમાં ટીમ સક્રિય અને સક્ષમ છે. મુંબઈ મહાજનને હાલમાં પ્રવૃતિઓના કારણે સારા દાન મળ્યા છે. મુંબઈમાં આપણા જ્ઞાતિના બીલ્ડરોના બાંધકામ ચાલી રહ્યા છે. જો જ્ઞાતિના દાતાઓ અને કાર્યકરો જાગે તો મુંબઈમાં અતિથીગૃહ ઉભું કરવામાં માત્ર છ એક મહિનાજ લાગે. વધુ વિશાળ ન કરીએ તો અમુક તૈયાર ફ્લેટો લઈને પણ આ જરૂરત પુર્તિ કરી શકાય.

આ અતિથીગૃહનો ઉપયોગ બહારગામથી આવતા જ્ઞાતિજનોને કોઈ વ્યવહારિક પ્રસંગે કે માંદગીમાં ખુબ ઉપયોગી બની શકે. આ માટે ત્યાં જાળવણી અને વ્યવસ્થા માટે જરૂરતમંદ, નમ્ર વિવેકી, જાણકાર જ્ઞાતિનું દંપતિ નોકરીએ રાખી શકાય. જે વ્યવસ્થાપન તથા ભોજન આદિ સંભાળી શકે. અન્ય સ્ટાફ દ્વારા સાફ સફાઈ ઇત્યાદિ કરાવી શકાય.

તા ચાલો, ગંભીરતાથી આ વિષય ઉપર વિચાર કરીને તુરંત કોઈ યોગ્ય નિર્ણય લઈને "અતિથિગૃહ"ની વરસોની સૌની જરૂરીયાતને સાકાર કરીએ.

જ્ઞાતિજનોના વિચાર-સુચન આવકાર્ય છે.

***નાગપુર : ૨૪-૪-૧૨ સૌ. ખમા (પુનમ) પ્રફુલ મોમાયા***

### અંગ્રેજી ભાષાનો ઉપયોગ

છેલ્લા કેટલાક મહિનાઓથી "પ્રકાશ-સમીક્ષા"માં અંગ્રેજીમાં લેખો સારા એવા પ્રમાણમાં પ્રસિધ્ધ થયા છે. કેટલાકે આ બાબતને આવકારી છે તો કેટલાકે આ અંગે નારાજગી પણ વ્યક્ત કરેલ છે.

પ્રકાશ સમીક્ષા એ જ્ઞાતિનું મુખપત્ર છે. તેમાં જ્ઞાતિને લગતા સમાચારો ઉપરાંત અન્ય લેખો પણ પ્રકાશિત થાય છે. પ્રકાશિત થતા મોટા ભાગનો લેખો બાળકો, યુવાનો મહિલાઓ કે વરિષ્ઠો વગેરેને ધ્યાનમાં લઈને લખાયેલ છે. કોઈક જ લેખ એવા હોય છે જે અબાલવૃધ્ધ સર્વેને ધ્યાનમાં રાખીને હોય છે. કેટલાક લેખમાં જ્ઞાતિ ઈતિહાસની માહિતી હોય છે તો કેટલાક લેખમાં જ્ઞાતિની પ્રવર્તમાન સ્થિતિ અને સમસ્યાઓ વિશે હોય છે. ગુજરાતી પત્રમાં અંગ્રેજી લેખોને સમાવાની તંત્રીમંડળની મર્યાદા હોય છે.

હાલના ૫-૨૫ વર્ષના જ્ઞાતિજનો કદાચ ગુજરાતી કરતાં અંગ્રેજીમાં વાંચવાનું વધારે પસંદ કરે છે. કદાચ ૨૦% વાંચકવર્ગ એવો હશે જેને ગુજરાતી વાંચતા નહીં આવડતું હોય. વધારે જ્ઞાતિજનો તેને વાંચે એવા લેખો જો અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષામાં લખાયેલા હોય તો તેવા લેખોને વ્યાપક વાંચકવર્ગ મળી શકશે. બીજું માત્ર અંગ્રેજીમાં લખાયેલા લેખો જેમાં ન કોઈ જ્ઞાન હોય કે સંદેશ હોય તેવા લેખો કદાચ અસ્થાને ગણાય. અંગ્રેજીમાં લખાયેલા પણ મૌલિક લેખો કે નવોદિત લેખકોને પ્રોત્સાહન મળે તેવા લેખો જરૂર પ્રકાશિત થઈ શકે. કોઈ વાચકવર્ગ જે Techno Savy છે તેમની પાસે ઇન્ટરનેટના માધ્યમથી પ્રચૂર માહિતી હોય છે તેથી એ વર્ગની સાથે બાકીના ૮૦% વાચકોને પણ ધ્યાનમાં લેવું પડે છે. વિચાર વ્યક્ત કરવા ભાષાનું માધ્યમ છે. એ હેતુ સમજાય તો બધાના પ્રયત્ન સફળ થાય.

*સુરત : ૨૪-૪-૧૨* ***પ્રવિણચંદ્ર શામજી ધરમશી***

શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## જ્ઞાતિનું ગૌરવ

અમારા ગ્રુપનાં ઝિંદાદિલ સેવાભાવી કાર્યકર **શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર (કોઠારા-ભુજ)**ને આપણા ગરવી ગુજરાતના શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રભાવી નેતૃત્વની સરકારે તેમની અનેકવિધ માનવતાવાદી-જીવદયાની સામાજિક-ધાર્મિક-તબીબી સેવાઓની કદરરૂપે પ્રતિષ્ઠિત એવોર્ડ ગૌરવવંતો પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર સહ સુવર્ણપદક એનાયત કરી બિરદાવ્યા છે. જેવું અમને આનંદ અને ગર્વ છે.

એવા પ્રબોધભાઈએ રાજ્યસ્તરે આ વિશિષ્ટ બહુમાન મેળવી સમગ્ર જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે એ સિધ્ધી બદલ ગ્રુપ પરિવારના હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ..

**-: શુભેચ્છક :-**

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**

| **જયેશ જૈન** | **ગોવિંદજી પટેલ** | **કિરણ દંડ** |
|---|---|---|
| (અધ્યક્ષ) | (ઉપાધ્યક્ષ) | (માનદમંત્રી) |


## Weight Loss... Weight Loss...
## V. Care Weight Loss Clinic

માટુંગામાં અમારા કેન્દ્રમાં હીટીંગ, ઈંચ લોસ, આમ ટક, ટમી ટક, થાઈ ટક, હીપ ટક, બોડી મસાજ, વેકયુમ મસાજ અલ્ટ્રા લીયો લાઈસની ખાસીયત. એક સીટીંગમાં બે ઈંચ ઘટાડો અને ફેસ ટાઇટનીંગ કરી યુવા (Young) બનો. એકવાર પધારી અવશ્ય મુલાકત લો.

**V. CARE SLIM & TRIM CENTRE**

૩૫૧, લીલા નિવાસ, ચંદાવરકર ક્રોસ રોડ,
“પ્રમાણિક”ની પાછળ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯.
(સમય : સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી)

**સૌ. વૈશાલી ચેતન દંડ** - 09870353509

શ્રી ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ - લાલાના
(પુત્રવધુ)


## પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

જન્મ
૧૯-૯-૧૯૫૫



અરિહંતશરણ
૧૬-૫-૨૦૧૧

**સ્વ. કિશોર ભાણજી લોડાયા** (દલતુંગી)

સમય જિંદગીનો ઓછો હશે, ક્યાં ખબર હતી ?
વિદાય તમારી અણધારી હશે, ક્યાં ખબર હતી?
જીવન થોડું જીવી, સ્નેહની સૌરભ મૂકી જનાર,
તમારા ઉત્તમ કાર્યો અને નિ:સ્વાર્થ સેવાની સુશોભિત સ્મૃતિજ્યોત
અમારા સૌના અંત:કરણમાં અનંતકાળ સુધી પ્રજવલિત રહેશે.

**-: શોકાતુર :-**

**માતુશ્રી પ્રેમિલાબેન ભાણજી લોડાયા સમસ્ત પરિવાર**
**માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપસીયા સમસ્ત પરિવાર**

પત્ની : **કલાવંતી કિશોર લોડાયા**    પુત્ર : **સમીર કિશોર લોડાયા**
પુત્રી-જમાઈ : **કાજલ કલ્પેશ દંડ**    દોહિત્ર : **મોક્ષિત અને હર્ષિત**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૨૦-૮-૧૯૪૫

અરીહંતશરણ
૧૧-૪-૨૦૧૨

**અ.સૌ. જેવંતી નવીનચંદ્ર લોડાયા (બાંઢીયા-નાસીક)**

તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહનાં નહોતા કોઈ સીમાડા
મમતાની નહોતી કોઈ મર્યાદા, વાત્સલ્યનાં નહોતા કોઈ વાયરા,
આશિષમાં નહોતી કોઈ અધુરાશ, કરૂણાનાં નહોતા કોઈ કિનારા
કેમ કરીને ભૂલીએ તમારા સંભારણાં...
હજી તો જાણે ગઈકાલની જ વાત, ઘણી મીઠી પળો વીતાવી આપ સાથ,
કેટલાંય મેળાવા કર્યા સાથ સાથ, તેવામાં સમય મારી ગયો થાપ!
કૂદરતની આ કેવી ક્રુરતા ? છુટ્યો તમારો કુટુંબ સાથેનો સંગાથ.
અચાનક ઉઠી ગયો અમારા પરથી તમારો પ્રેમભર્યો હાથ,
મહેનતની કર્મભૂમિ પર સાદગીનું બીજ વાવી, પ્રમાણિકતાનું પાણી પાઈ, સુંદર ઉપવન બનાવી.,
કુટુંબ માટે એક આદર્શ દ્દષ્ટાંતરૂપ જીવન જીવી મૃત્યુને પણ મહોત્સવ બનાવી ગયા...
આપના દિવ્ય આત્માને પરમ કૃપાળુ અરિહંત પ્રભુ શાશ્વત સુખ અને પરમ શાંતિ બક્ષી
મોક્ષગામી બનાવે એવી સમસ્ત પરિવારજનોની ભાવભીની પ્રાંજલ પ્રાર્થના...

**-: શોકાતુર :-**

**માતુશ્રી લાખબાઈ આણંદજી શીવજી લોડાયા પરિવાર (બાંઢિયા)**
**માતુશ્રી ગંગાબાઈ ખેતશી મુલજી શીયાડ પરિવાર (જખૌ)**

| | | |
|---|---|---|
| પતિ | : | **નવીનચંદ્ર આણંદજી લોડાયા** |
| પુત્ર | : | **દીપક નવીનચંદ્ર લોડાયા** |
| પુત્રવધુ | : | **મિલન દીપક લોડાયા** |
| પૌત્ર | : | **હર્ષ દીપક લોડાયા** |

**તથા સમસ્ત આણંદજી શીવજી લોડાયા પરિવારની ભાવભીની શ્રધ્ધાંજલિ**

# બચાવો – અનંતછાયાને... વિખવાદથી, કલહથી...

## વિષય : અનંતછાયાના રિડેવલપમેન્ટ વિશે ચાલતી ચર્ચા

આપશ્રીના જ્ઞાતિ-પ્રતિષ્ઠિત પ્રકાશનોમાં હાલમાં જ આપણા અનંતછાયાના રિડેવલપમેન્ટ વિશેની ટિપ્પણી કરતા અહેવાલ પ્રસિદ્ધ થયા હતા. અહેવાલમાં આ રિડેવલપમેન્ટના મામલે થતી કહેવાતી ગડબડ અને ખાનગી બાબતો વિશે ચર્ચા કરવામાં આવી હતી. સૌ પ્રથમ તો અમે અનંતછાયાના રહેવાસીઓ આ મુદ્દે ઊંડું દુઃખ વ્યક્ત કરીએ છીએ. અમને જમાવ્યા કે અમારી સમસ્યાઓ વિશે અમને જ પૂછ્યા વિના આ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. આવું કહેવાને પત્રકારત્વ કહેવાય કે નહીં તેની જાણ તો આપશ્રીને જ વધુ છે. સાથે, હાલના જ્ઞાતિના ટ્રસ્ટ હસ્તક આ રિડેવલપમેન્ટના કાર્યમાં અમને, એટલે ભાડૂતોને કે જ્ઞાતિને નુકસાન કરાવવાના કહેવાતા પ્રયત્નોની પણ એમાં વાત કરવામાં આવી હતી. તેથી નાછૂટકે અમારે અહીં થોડા ખુલાસા કરવા જરૂરી થયા છે. ગમે તેમ તોય વાત અનંતછાયા કે અમારા ઘરની, અમારી છત્રછાયાની જ નથી.અહીં વાત જ્ઞાતિના સંપની, આપસની વિશ્વસનિયતાની છે. અમારી એટલી જ વિનમ્ર વિનંતી છે કે આ ખુલાસાને આપશ્રીના પ્રકાશનમાં યથાયોગ્ય સ્થાન આપશો. અમારી વાતની નિર્ભેળ, કાપકૂપ વિના કે સત્યને તોડી, મોડી કે મરોડ્યા વિના રજૂઆત કરશો તો આપના હૈયે સમસ્ત કે.ડી.ઓ. જ્ઞાતિનું હિત ખરેખર વસે છે તેની સૌને સુખદ ખાતરી થશે.

૧) પહેલો મુદ્દો એ છે કે અનંતછાયા ઈમારતની દશા દયનીય છે. આવી ઈમારતમાં કોઈ પોતે તો શું પોતાના કોઈ સ્વજનને રહેવું પડે તેવું, આપણા જેવા ઉદાર, સહૃદયી જૈનો ક્યારેય ધારી પણ શકે નહીં. છતાં અમે એમાં રહીએ છીએ કેમ કે અમારે રહેવું પડે છે. અમારામાંનાં જ એક વડીલ વૃદ્ધા ઈમારતની છતનો ભાગ તુટતાં ઘાયલ થયાં છતાં અમારે રહેવું પડે છે. અને હૈયામાં એવી આશાનો દીવડો પણ ટમટમતો રાખવો પડે છે કે આજે નહીં તો કાલે, અમારા વહાલસોયા જ્ઞાતિજનો અમારી વિટંબણા જાણશે. જાણ્યા પછી અનંતછાયાની જગ્યાએ નવી, વસવાટ યોગ્ય ઈમારત બાંધી શકાય તે માટે જરૂરી પ્રબંધ કરવામાં, કેડીઓ જ્ઞાતિના ભવ્ય બંધુત્વના ઈતિહાસને અનુસરીને, અમારી વહારે આવશે.

૨) અમારી એ આશા પાછલા ટ્રસ્ટના કાર્યકાળ સમયે પહેલીવાર સાકાર થવાને માર્ગે આગળ વધી આ પહેલાંના ટ્રસ્ટે (યાદ રહે, વર્તમાન ટ્રસ્ટે નહીં) જ ઘાટકોપરના નામવંતા બિલ્ડર સાથે અનંતછાયાના રિડેવલપમેન્ટ માટે જરૂરી વાટાઘાટ કરી, તેના ફ્સ્વરૂપે જ એ બિલ્ડર સાથે કરાર થયા, એમ.ઓ.યુ. થયો, ભલે તત્કાળ સ્થિતિ-સંજોગ મુજબ ત્યારનું ટ્રસ્ટ એ કરાર હેઠળ જ્ઞાતિને, ટ્રસ્ટને વિશેષ ભંડોળ આ રિડેવલપમેન્ટથી મળે તેવી જોગવાઈઓ કરી શક્યું નહીં. એમની એ મર્યાદાને આપણે કપટ કે ભૂલ ગણીએ તો સાચા કેડીઓ ગણાઈએ નહીં. પાછલા ટ્રસ્ટે જે કર્યું તે સર્વાંગી હિતમાંજ કર્યું એવી અમારી દઢ ભાવના છે. આવી ભાવના અમને પાછલા ટ્રસ્ટે વિશ્વાસમાં લીધા નહોતા છતાં આજે પણ અકબંધ છે.

૩) કોઈપણ સંસ્થામાં સમય આવ્યે પદાધિકારીઓ બદલાતા રહે છે. આપણા ટ્રસ્ટમાં પણ બદલાયા નવા પદાધિકારીઓએ એમના ચુંટણી ઢંઢેરામાં (મેનિફેસ્ટોમાં) થોડાં જ્ઞાતિલક્ષી, એકતાલક્ષી વચનો આપ્યા હતાં. એમાંનું એક વચન જ્ઞાતિની જગ્યાઓના યથાયોગ્ય નવનિર્માણ થકી જ્ઞાતિજનો માટે સારાં નિવાસ, ટ્રસ્ટ માટે ભંડોળ ઊભું કરવાનું, એ ભંડોળ થકી જ્ઞાતિના સુદઢ, ઉજજવળ ભવિષ્ય માટે નક્કર પગલાં લેવાનું હતું. છતાં જેમ પદાધિકારીઓ બદલાય તેમ તેમના પુરોગામી (પાછલા) પદાધિકારીઓના નિર્ણયની ઘણીવાર ઐસીતૈસી થાય છે. આ દેશમાં આવું વારંવાર થયેલું સૌના ધ્યાનમાં છે જ. પણ, અમારા અને સમસ્ત જ્ઞાતિ માટે નવા પદાધિકારીઓએ જે નિર્ણય લીધા તે ખરેખર સુખદ આશ્ચર્ય જેવા સાબિત થયા. ના માત્ર નવા ટ્રસ્ટે જ્ઞાતિલક્ષી કાર્યોની વણજાર સર્જીને પોતાનો શબ્દ પાળ્યો, પણ સાથે જ, અનંતછાયાના રિડેવલપમેન્ટના મોરચે પણ અશક્યને શક્ય કરી બતાવવા કમર કસી. તેના પરિણામે જ તો, પહેલેથી જે કરાર થા હતા તેમાં ધરમૂળથી સુધારા થયા. આ બધા સુધારા અનંતછાયાના રહેવાસીઓને વિશ્વાસમાં રાખીને, સાથે રાખીને જ થયા. તેની સાથે જ નવા કરાર થકી જ્ઞાતિના ટ્રસ્ટને ચાલીસથી પિસ્તાલીસ કરોડ જેવું માતબર ભંડોળ મળે તેવી તજવીજ પણ થઈ શકી. નવા પદાધિકારીઓ, વર્તમાન, ટ્રસ્ટીઓએ પરસેવા પાડીને કરારમાં કરાવેલા આ ફેરફાર અને સુધારા જ્ઞાતિવિરોધી કેવી રીતે હોઈ શકે? એને જ્ઞાતિવિરોધી ગણે એ વ્યક્તિ જ્ઞાતિની હિતેચ્છુ કેવી રીતે હોઈ શકે?

૪) આપશ્રીના અહેવાલમાં એવી દલીલ પણ કરવામાં આવી છે કે અનંતછાયાનું રિડેવલપમેન્ટ ટ્રસ્ટે જાતે કરવું જોઈએ. આપશ્રી જેવા જ્ઞાનીની આવી ભાવના ઉદ્દાત જ ગણાય પણ એવું કરવા માટે ટ્રસ્ટ પાસે ભંડોળ છે ખરું? રિડેવલપમેન્ટના ભગીરથ કાર્ય માટે નરી લાગણીથી ઉધામા કરીને ચાલવાનું છે ખરું? અને જાતે રિડેવલપમેન્ટ કરીએ એવી જિદ ધરીને જ્ઞાતિ ક્યારેય ભંડોળ વિના આ કાર્ય પૂરું કરી શકે ખરું? ધારો કે એવું ના થઈ શક્યું. અનંતછાયાનું રિડેવલપમેન્ટ ફરી રઝળી પડ્યું, અને મોટી દુર્ઘટના થઈ, તો એની જવાબદારી કોના શિરે આપણે નાખશું? પણ જો

અનંતછાયાનું રિડેવલપમેન્ટ થઈ ગયું, ટ્રસ્ટ પાસે બીજા નક્કર કાર્યો કરવા માટે ભંડોળ ઉપલબ્ધ થઈ ગયું. તો એનો લાભ આપણે સૌ લઈ શકશું કે નહીં લઈ શકશું?

૫) હાલમાં બાંધકામ ઉદ્યોગમાં સરકારે નવી ઈમારતોના પ્લાન પાસ કરવાનું અટકાવ્યું છે. આ કાયદાના મોરચે જ્યારે પણ આવા કોઈ નિર્ણય લેવામાં આવે છે ત્યારે રિડેવલપમેન્ટ તો શું, દરેક કાર્ય ખોરંભે ચડી જાય છે. જો ટ્રસ્ટ જાતે રિડેવલપમેન્ટ કરવાનો નિર્ણય લે, અમે ભાડૂતો પણ બીજે કશેક રહેવા જતા રહીએ, અને દોઢ-બે વરસ સુધી પ્લાન પાસ જ ના થયો, તો અમે ક્યાં જશું? અને આવી અનિશ્ચિતતા વચ્ચે રિડેવલપમેન્ટ કરવાનો નિર્ણય લેવાય તો બધા ભાડૂતોને મનાવવા પણ અઘરા થઈ જાય.

૬) આજે ખુદ સરકાર પણ ગેરકાનૂની ઝૂંપડપટ્ટીમાં રહેનારને એસ.આર.એ. સ્કીમ હેઠળ પાકું ઘર આપે છે. ૬૦ ફૂટ જગ્યાની સામે ૨૫૦ ફૂટનો ફ્લેટ આપે છે. જે જમાનામાં અમને જ્ઞાતિના ટ્રસ્ટ પાસેથી અનંતછાયામાં ઘર મળ્યાં ત્યારે તો ટ્રસ્ટબોર્ડના કાયદા મુજબ અમને ભાડે જ ઘર આપી શકાતા હતાં. પણ બદલાતા સમય સાથે આપણા ટ્રસ્ટે પણ જ્ઞાતિજનોને ઓનરશિપનાં ઘર આપ્યાં જ છે. કાંજુરમાર્ગમાં ઓનરશિપ ઘર આપવામાં આવ્યાં છે એ સૌ જાણે છે. ટ્રસ્ટે જ જ્ઞાતિજનોને ત્યાં ઘર વેચાતાં આપ્યાં છે. અમને અમારા વરસો જૂના પણ પાઘડીના ઘર સામે નાનકડું પણ ઓનરશિપનું ઘર મળે એ અમારી માગવાની ચીજ નથી. તમારે આપીને સૌજન્યશીલતા દર્શાવવાની વાત છે. અનંતછાયા જો ખરેખર અમારા ઓનરશિપના ઘરની ઈમારત બને તો અમને થશે કે જીવનભરનું અમારું સપનું, પોતાનું ઘર હોવાનું સપનું આખરે પૂર્ણ થયું. આવું સપનું પુરું કરવામાં આપશ્રી સાથ આપશો એવી જો અમારી ભાવના હોય તો એ સાચી જ ગણાય.

૭) જ્ઞાતિ પાસે ભલે ઘણી જગ્યાઓ છે, ભલે તેના વિકાસ, પુનર્વિકાસ થકી જ્ઞાતિજનોનું ભવિષ્ય બેહદ ઉજજવળ થઈ શકે છે પણ એની શરૂઆત કોણ કરશે? ક્યારે અને ક્યાંથી કરશે? પહેલાંના પદાધિકારીઓના નિર્ણય થકી જ તેની શરૂઆત અનંતછાયાથી થઈ શકે છે. તો પછી, નવા પદાધિકારીઓ જૂના કાર્યને, રહેવાસીઓ અને જ્ઞાતિજનો માટે વધુ લાભદાયી રીતે આગળ ધપાવે છે તો એની સામે વાંધાવચકા શા માટે?

૮) વર્તમાન ટ્રસ્ટના દરેક પદાધિકારીઓએ અનંતછાયાના રિડેવલપમેન્ટ મામલે રહેવાસીઓને કાયમ પારદર્શક પદ્ધતિથી સાથે રાખ્યા છે. કરારની કોઈ એવી વિગતો નથી જે ક્યારેય એમણે અમારાથી કે જ્ઞાતિજનોથી છુપાવી હોય. એટલી હદે કે આપશ્રીએ (પાંજો પ્રતિબિંબમાં) જે સ્ટોપ પ્રેસ મથાળા હેઠળ અમે, અમારા અને જ્ઞાતિના બહોળા હિતમાં વકીલ રોકવા ભંડોળ ઊભું કરીએ છીએ, એવો દાવો કર્યો છે, એ પણ સદંતર ભૂલભર્યો છે. વાસ્તવિકતા એ છે કે હાલના ટ્રસ્ટના પદાધિકારીઓએ જ જાતે, અમારા અને જ્ઞાતિના હિતનો વિચાર કરીને અમને સુસ્પષ્ટ સૂચન કર્યું. “ભલે અમે તમારું અને જ્ઞાતિનું ભલું ઇચ્છીએ છીએ છતાં બિલ્ડર સાથે જે કરાર થઈ રહ્યા છે, તેને સમજવા તમે પણ તમારા તરફથી એક તટસ્થ વકીલ રોકો એની પાછળ અત્યારે તમારા જો પરિવારદીઠ પાંચ હજાર રૂપિયા જશે તોય ભવિષ્યમાં એ તમને પાંચ લાખ જેટલા લાગશે. આવી ઈમાનદારી અને આટલી ભલમનસાઈ દર્શાવનાર અત્યારના પદાધિકારીઓ માટે અમારી પાસે તો બે શબ્દો જ કહેવા જેવા છે, “થેન્ક યુ.”

૯) આવા ટ્રસ્ટના પદાધિકારીઓની અમે તરફેણ કરીએ છીએ. કારણ કે જે પદાધિકારીઓ અંગત સ્વાર્થ વિના, વર્તમાનના ખોટા વિવાદમાં પડ્યા વિના, જ્ઞાતિજનોના ભવિષ્યનો માર્ગ કંડારી જાણે છે એવા પદાધિકારીઓ કોઈનેય સન્માનનીય લાગે જ છે. છેલ્લે એટલું જ ઉમેરવું છે કે જે કાર્ય વરસોથી થઈ જ શક્યાં નથી, જ્યાં નરી વાતો, આશાઓ અને શમણાંઓનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. ત્યાં આજે ટકોરાબંધ કાર્યો જ્ઞાતિજનોની સાથે, તેમને વિશ્વાસમાં રાખીને જ થાય ત્યાં શા માટે કોઈએ નારાજગી રાખવાની?

આપશ્રી જ્ઞાતિના ખરા હિતેચ્છુઓ છો એવી એક સામાન્ય લાગણી સમાજમાં પ્રવર્તે છે. અમારા આ પ્રતિસાદને આપશ્રીના પ્રકાશનોમાં સ્થાન આપી આ લાગણી આપશ્રી બળવત્તર કરશો તેવી અમારી ભાવના છે. અનંતછાયા કોઈક માટે વિવાદનો મધપુડો છંછેડવાનું સાધન હોઈ શકે છે પણ અમારા માટે એ અમારું આજીવન આશ્રયસ્થાન છે. અત્યારના સંજોગોમાં જ્ઞાતિ માટે તો એ એકતા પુરવાર કરવાનું સૌથી સશક્ત કારણ છે. આવા કારણ માટે પણ ખોટા રાજકારણના પડછાયા પડવા દીધા વિના, અનંતછાયાને આનંદની સુખદાયી છાયા બનવા દેશો એવી અમારી અરજ છે. બાકી આપશ્રી તો સમજદાર છો જ અને જ્ઞાતિજનો પણ સુજ્ઞ જ છે.

આપની સદૈવ કુશળતા ઇચ્છતા,

**અનંતછાયાના રહેવાસીઓ/ભાડૂતો**

CC : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ ● શ્રી અનંતનાથજી મહારાજ અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

સંગીતથી આપણા હૃદયમાં આનંદ પ્રગટે છે એ એટલું જ સાબિત કરી બતાવે છે કે પ્રભુના દરેક સર્જનની પાછળ અદ્‌ભૂત આનંદ ભર્યો છે...

આવા આનંદને ઓળખવાનો અવસર - આવો આપણે આનંદિત થઈએ !

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

સંચાલિત

# શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

WEALTH HEALTH

આયોજીત

'સંગીતથી સુસ્વાસ્થ્ય' ની સફર કરાવતું

# THE SOUND OF MUSIC

ગીત ગાતા ચલ

**રવિવાર, તા. ૨૦ મે, ૨૦૧૨**

અલ્પાહાર : સાંજે ૫.૦૦ થી...

કાર્યક્રમ : સાંજે ૬.૦૦ કલાકે

સ્થળ : શ્રી ષણ્મુખાનંદ ચંદ્રશેકરેન્દ્ર સરસ્વતી ઓડીટોરીયમ સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.

**સંગીત સંચાલન : શ્રી જયંતીભાઈ ગોશર**

(બોલીવુડ ફેમ, દરેક દિગ્જ સંગીતકાર જોડે કામ કરી ચૂકેલા અને તુઝે દેખા તો યે જાના સનમ, કજરા રે... જેવી અનેક ખ્યાતનામ ધુનો વગાડનાર આપણા પોતાના કેડીઓ)

એંકર : શ્રી વૈભવ મોતા    થીમ : શ્રી મનીષ ડાગા

બોલીવુડ સંગીતકાર શ્રી જયંતીભાઈ ગોશરનું સંગીત દિગ્દર્શન

પ્રતિભાશાળી કેડીઓ સીંગર્સ દ્વારા સુમધુર ગીતોનું નજરાણું...

પ્રખ્યાત મ્યુઝીક થેરપીસ્ટનું સિતાર વાદન દ્વારા એક અનોખો પ્રયોગ

ખૂબ જ જાણીતા અને માનીતા કલાકારની હાજરી

ઝી ટીવીના નામાંકિત સંગીતકાર **શ્રી સંજય વિદ્યાર્થી** અને એમની ટીમના કર્ણપ્રિય ભાવનાગીતો

(માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર તરફથી પાલીતાણામાં ઉજવાયેલ અવિસ્મરણીય શ્રી અજીતશાંતિ સ્તવનાનાના સંગીતકાર)

## ટિકિટ સાથે પૈસા વસુલ ઓફર

- કોમ્પલીમેન્ટરી ફુડ કુપન
- લક્કી ડ્રૉ દ્વારા ઈનામોની વણઝાર શ્રી સમેતશિખરજીની જાત્રા, સોનાના સિક્કા, ઘડિયાલ વગેરે
- કેડીઓ ડોકટર્સની પોકેટ ડિરેક્ટરી
- ફ્રી મેડીક્લેમ ઈન્સ્યોરન્સ મળવાની તક...

લી. નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી પારસ પદમશી ગૈશેરી - પ્રમુખ

કન્વીનર : મનીષ પ્રતાપ ડાગા

ડૉ. રાજેન્દ્ર મણીલાલ કુરવા, ડૉ. કાંતિલાલ નરશી દંડ, રાયચંદ શીવજી લોડાયા, રાહુલ મેઘજી ધુલ્લા, મુલચંદ કેશવજી મોતા, હરીશ લક્ષ્મીચંદ સાયલા હરીશ ખેતશી શિયાલ, તેજપાલ લખમશી ધરમશી

## ટિકિટના દર (વહેલો તે પહેલોના ધોરણે)

ગ્રાઉન્ડ ફ્લોર પ્રીમીયમ : રૂા. ૧૦૦    બાલ્કની (૧લે માળે) : રૂા. ૫૦

ગ્રાઉન્ડ ફ્લોર : રૂા. ૭૫    બાલ્કની (૨જે માળે) : રૂા. ૨૫

**ટિકીટ મેળવવાના સ્થળ તથા સંપર્ક**

| | | |
|---|---|---|
| મુલુંડ | : સ્ટીચ એલ (સંદીપભાઈ) | ૯૮૬૭૧ ૬૧૩૮૯ |
| ભાંડુપ | : શ્રી અનંતસિદ્ધિ કાર્યાલય | ૨૫૯૫ ૧૩૭૨ |
| કાંજુરમાર્ગ | : શ્રી અનંત હોમ્પલીક્ષ (હીતેન લોડાયા) | ૯૩૨૧૧ ૬૭૬૭૬ |
| ઘાટકોપર | : અનંતછાયા (કિરીટ કુરવા) | ૯૩૨૦૮ ૮૮૦૧૦ |
| મસ્જીદ બંદર | : અનંતનાથ દેરાસર મહાજન કાર્યાલય | ૨૩૪૪ ૮૨૭૪ |
| ડોંબીવલી | : ક.દ.ઓ. મંડળ | ૯૮૨૧૦ ૭૩૮૩૦ |
| વાશી | : શ્રીમતી ચાંદની પરેશ લાલકા | ૯૮૩૩૨ ૨૫૦૫૩ |
| અંધેરી | : શ્રી પરેશ મોમાયા | ૯૮૨૦૩ ૨૧૮૭૯ |
| ગોરેગામ | : શ્રી ચેતન ખોના | ૯૩૨૪૪ ૬૧૮૯૪ |

## સંપૂર્ણ કાર્યક્રમના દાતા

BHUMI RAJ

# 'ભૂમિરાજ ગ્રુપ'

હસ્તે શ્રી ભૂપેન્દ્રભાઈ મુરજી દંડ

કચ્છ લાખાણીયા - નવી મુંબઈ

## શ્રી પ્રબોધ મુનવરને અભિનંદન !



ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા આપને સેવાક્ષેત્રનો એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો એ બદલ આપને ખૂબ-ખૂબ અભિનંદન.

રાજ્ય સરકારશ્રી દ્વારા રૂા.૫૦ હજારનો ચેક તથા પ્રશસ્તિપત્ર તેમજ ગુજરાત રાજ્યપાલશ્રી દ્વારા આપને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવેલ છે. જે બદલ અભિનંદન... અભિનંદન...

**~ શુભેચ્છક ~**

**અમિતા તુષાર જૈન – વર્ધમાનનગર**
**જ્યોતિ કેતન લોડાયા – ગાંધીધામ**
**રૂપલ મનીષ મોમાયા – ગાંધીધામ**
**ઝંખના ગૌરવ મોમાયા – ડોમ્બીવલી**

## મોડપુર તીર્થ માટે

## નોકરી ખાલી છે

જામનગરથી ૪૫ કિ.મી. દુર શ્રી મોડપુર સુપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ માટે એક સેવાભાવી પરિવાર માટે જગ્યા ખાલી છે. તેમની જવાબદારી સંકુલની દેખરેખ, સાધુ-સાધ્વી વૈયાવચ્છ, ભોજનશાળા, યાત્રિકોની સારસંભાળ, દૈનિક હિસાબ કિતાબ રાખી માસિક અહેવાલ તૈયાર કરી સંસ્થા પર મોકલવું વગેરે કામ માટે અનુભવી **કાર્યક્ષમ દંપતિ**ની જરૂર છે. પ્રથમ પસંદગી જ્ઞાતિની, રહેવા-જમવાની વ્યવસ્થા આપવામાં આવશે. મહેનતાણું યોગ્યતા મુજબ ફોટા સાથે અરજી કરો.

૧૦૩ મેઘરત્ન ૧લે માળે, દેરાસર લેન, ઘાટકોપર (ઇ), મુંબઈ-૭૭.
**સંપર્ક ફોનઃ 9987762602 - નવીનભાઈ**
**અથવા 9320086887 - જીવરાજભાઈ નાગડા**

## હાર્દિક અભિનંદન !



**શ્રી ઉત્તમ રાઘવજી નાગડા (કોઠારા-વડોદરા)**

**જૈન સોશ્યલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશનના**
**ગુજરાત રીજીયનનાં ચેરમેન ઇલેક્ટ-૨ વર્ષ ૨૦૧૨-૨૦૧૩**
**ચેરમેન ઇલેક્ટ-૧ વર્ષ ૨૦૧૩-૨૦૧૪**
**ચેરમેન વર્ષ ૨૦૧૪-૨૦૧૫**

માટે તેમની બીનહરીફ વરણી થયા બદલ હાર્દિક અભિનંદન.
તેઓ બીજી આઠ સામાજીક સેવાભાવી સંસ્થાઓમાં ઉચ્ચા હોદાઓ પર કાર્યરત છે.
તેઓ તેમના જીવનમાં સામાજીક અને સેવાભાવ ક્ષેત્રે ખુબજ પ્રગતિ કરે એવી અભ્યર્થના...

**~ શુભેચ્છકો ~**

**શ્રી પ્રવીણ લોડાયા, શ્રી નવીનચંદ્ર ઘરમશી, શ્રી શાંતિલાલ લોડાયા**
**શ્રી ખીરેન્દ્ર લોડાયા, શ્રી ચંદ્રકાંત ખોના, શ્રી જય ઘરમશી અને સમસ્ત વડોદરાનું મિત્રમંડળ**

## શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ગૌરવ



**શ્રી પ્રબોધ હિરાચંદ મુનવર**

માનવતાવાદી, જીવદયા પ્રવૃતિ, તબીબીક્ષેત્રે અનોખી સેવા બજાવતા કોઠારાના જાણીતા સામાજિક, ધાર્મિક અગ્રણી એવા **શ્રી પ્રબોધ હીરાચંદ મુનવરની** સેવાઓની કદરરૂપે ગાંધીનગર સ્થિત યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવતિ વિભાગ દ્વારા એવોર્ડ મળેલ છે.તે બદલ શ્રી પ્રબોધભાઈને હાર્દિક અભિનંદન...

**✻ શુભેચ્છક ✻**

**શ્રી કોઠારા કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન**
**કોઠારા (કચ્છ)**

## શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ગૌરવ



**C.A. શ્રી મિતેશ મધુકાંત ઘરમશી** (કોઠારા-ગાંધીધામ)

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગાંધીધામના પ્રમુખ તરીકે શ્રી મિતેશ મધુકાંત ઘરમશીની સર્વાનુમતે વરણી થયેલ છે. તે બદલ હાર્દિક અભિનંદન.

સાથે સાથે કારોબારી સભ્યોમાં કોઠારાના **શ્રી મધુકાન્ત ઝવેરચંદ લોડાયા** તથા **શ્રી ઉદય ઝવેરચંદ મુનવર**ની વરણી થઇ છે તેઓને હાર્દિક અભિનંદન.

**શ્રી પ્રવિણ ટોકરશી શામજી લોડાયા**-કોઠારાની શ્રી અચલગચ્છ જૈન સંઘ, ડોમ્બીવલીમાં સર્વાનુમતે માનદમંત્રી તરીકે વરણી થયેલ છે તે બદલ હાર્દિક અભિનંદન..

**✻ શુભેચ્છક ✻**

શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઠારા (કચ્છ)

**સેવાકીય પ્રવૃત્તિઓની શ્રેષ્ઠ કામગીરીની ગુજરાત સરકારે કદર કરી.**

## પ્રબોધ મુનવરને અભિનંદન



ગુજરાતરાજ્ય યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આપને સાહસ, શૌર્ય, તબીબીસેવા અને સુખાકારી ક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. જે બદલ આપને ખૂબ-ખૂબ અભિનંદન.

**શ્રી જૈન મિત્ર મંડળ મુંબઈ - કોઠારા**

પ્રમુખ : શ્રી રાયચંદ શિવજી લોડાયા
ઉપપ્રમુખ : શ્રી હીરાલાલ ખીયશી જીવાણી
મંત્રી : શ્રી હરીશ હીરાચંદ મુનવર
મંત્રી : શ્રી દિનેશ લાલજી લોડાયા
ખજાનચી : શ્રી ખિરણ કુંવરજી લોડાયા
તથા મંડળનો સર્વે સભ્યો...

## એકતા લેન્ડ ડેવલોપર્સ - નલિયા

**લકી ડ્રો - મુખ્ય ઇનામ**

| ટોકન નં. | ઈનામ | ભાગ્યશાળી વિજેતા | ગામ | એજન્ટનું નામ |
|---|---|---|---|---|
| ૫૧ | એક્ટીવા | જીજ્ઞાબેન મિતેશ મોતા | નલિયા | મહેશ એસ. નાગડા |

**આશ્વાસન ઇનામો**

| ટોકન નં. | ઈનામ | ટોકન નં. | ઈનામ |
|---|---|---|---|
| ૨૨૬ | રેફ્રીજરેટર | ૧૫૨ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૧૭૪ | માઈક્રોવેવ ઓવન | ૧૭૬ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૫૫ | ડી.વી.ડી.પ્લેયર | ૮૮ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૯૦ | સીલીંગ ફેન | ૩૩ | ટ્રાવેલીંગ બેગ |
| ૨૩૦ | સીલીંગ ફેન | ૨૮ | ટ્રાવેલીંગ બેગ |
| ૨૩ | સીલીંગ ફેન | ૧૨૬ | ટ્રાવેલીંગ બેગ |
| ૧૫ | નોકીયા મોબાઈલ | ૨૨ | ફેમિલી ટીફીન |
| ૧૪૪ | નોકીયા મોબાઈલ | ૧૧૯ | ફેમિલી ટીફીન |
| ૦૧ | નોકીયા મોબાઈલ | ૨૧૯ | ફેમિલી ટીફીન |
| ૬૫ | ડીનર સેટ | ૬૩ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૧૭૭ | ડીનર સેટ | ૨૬ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૧૬ | ડીનર સેટ | ૧૪ | ઈલેક્ટ્રીક પ્રેસ |

એકતા લેન્ડ ડેવલોપર્સના તાર/ટપાલના વ્યવહારનું સરનામું
**એકતા લેન્ડ ડેવલોપર્સ**, દિશા હોટેલની બાજુમાં, પહેલા માળે, નહેરૂ રોડ, નલિયા (કચ્છ) ૩૭૦૬૫૫

Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ.


## પાસ થયા – હાર્દિક અભિનંદન !





| મહેક મહેશ ડાઘા | પુર્વેશ કૈલાસ મોતા | ભાવિન કિરણ ભેદા |
|---|---|---|
| મુલુન્ડ | અમરાવતી | મુલુન્ડ |
| B.Sc., MBA | M.S. (EE) | M.COM. PG PDM |

વિરલ મેહુલ સોનાવાલા-હુબલી 74.67%


**K. Dixit**

રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.
કૌશિક રાયચંદ શાહ (પટેલ) – સાંધાણ
982045 7676
417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E),
Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in




## ૧૬મી પુણ્યતિથીએ પૂ.નાનીમાને શ્રધ્ધાંજલિ



સ્વ. હિમાબાઈ માલશી મોતા (વારાપધર-મુલુન્ડ)
અરિહંતશરણ તા. ૩૦-૪-૧૯૯૬
આપના દિવ્ય આત્માને પરમ કૃપાળુ અરિહંતપ્રભુ શાશ્વત સુખ અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે એવી પરિવારજનોની ભાવભીની પ્રાર્થના.....

**આપના સ્મરણમાં...**

દિકરી : **સ્વ. જમકુબાઈ લાલજી પટેલ** (સાંધવ-મુલુન્ડ)
દિકરી : **ગં.સ્વ. વિજ્યાબાઈ પદમશી નાગડા** (નલિયા-ટીટવાલા)
દોહીત્ર-દોહીત્રવહુ: **શ્રીમતી વિજ્યા ગોવિંદજી પટેલ** (સાંધવ-મુલુન્ડ)


**શુભેચ્છા સહ...**
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404



**ફળાદેશ-પ્રશ્નકુંડલી-જોડામેળ, ગૃહશાંતિ સચોટ માર્ગદર્શન માટે સંપર્ક સાધો.**

જ્યોતિષાચાર્ય-શ્રીમતી કમલ સંપટ
સંપર્ક : મો. 093230 20137


।। શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ।।

## રાપરગઢ-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ

**હાર્દિક આમંત્રણ**

માદરે વતન કચ્છ રાપરગઢ નગરે પર્યુષણ પર્વની આરાધનાની ઉજવણી કરવા સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ.

**પર્યુષણ પ્રારંભ મંગળવાર ૧૪-૮-૧૨**

દરેક ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર પોતાનીરીતે રાપરગઢ પધારવાનું રહેશે. સ્થાનિકે ઉતારા અને ભોજન વ્યવસ્થા સામુહિક રીતે કરવામાં આવેલ છે.

**-: નિમંત્રક :-**

**રાપરગઢ-નાનીસિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**

આપના પરિવારના માહિતીપત્રક તુરત ભરી મોકલશો.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે તા.૨૦-૫-૧૨નાં સાંજે પાંચ વાગે શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા સાંજે સન્મુખાનંદ હોલમાં સંગીત કાર્યક્રમમાં જ્ઞાતિના કલાકારો હશે. સંગીત થેરપી સાથે મેડીકલ સારવાર એવો અભિનવ પ્રયોગ નિહાળવા સર્વે જ્ઞાતિજનોને આમંત્રણ છે. પ્રવેશ માત્ર પાસ આધારિત રહેશે એટલે વેળાસર કેન્દ્રોપરથી પાસ મેળવી લેવા અનુરોધ છે. આ કાર્યક્રમનું સૌજન્ય ભુમિરાજ ગ્રુપનાં અગ્રણી શ્રી ભુપેન્દ્ર મુરજી દંડ પરિવાર (લાખાણીયા) એ લાભ લીધેલ છે. સ્ટેજ કાર્યક્રમનું દિગ્દર્શન જયંતિભાઈ ગોસર દ્વારા કરાશે. સુત્ર સંચાલન શ્રી વૈભવ મોતા અને પરિકલ્પના શ્રી મનીષ ડાઘાની છે. જરૂરતમંદ જ્ઞાતિ પરિવારોને સહાયતાર્થે સર્વેક્ષણ કાર્ય ચાલુ છે. આ યોજનામાં સહાયતા આપવાનું શરૂ કરાયું છે.

એક રાજસ્થાની સખીદાતાએ શ્રી અનંતનાથ ટ્રસ્ટમાં અનંતનાથ દાદાનાં ચરણે રૂા.ચાર લાખની આંગી ચઢાવી ભેટ કરી છે. શૈક્ષણિક સમિતિનાં સઘન પ્રયત્નોએ ૯૭ જેટલા જ્ઞાતિછાત્રોએ મહત્વની એપ્ટીટ્યુડ ટેસ્ટનો લાભ લીધો.

### મલકાપુર નગરે ત્ર્યાન્હિકા મહોત્સવ

મલકાપુર સંઘના આંગણે માતુશ્રી ગંગાબાઈ નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા)ના ઉપક્રમે સૌ. પ્રતિભાબેન ભરત દંડનાં વરસીતપ પારણાં નિમિતે તા.૨૨-૨૩-૨૪ એપ્રીલ ૧૨ દરમ્યાન ત્રિદિવસીય જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રખર વ્યાખ્યાતા પ્રભાવક પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી આ.ઠા.ની નિશ્રામાં ગામના અન્ય તપસ્વીઓના પારણાં સહ ભવ્યતાથી ધર્મઆરાધના સાથે ઉજવાયો.

તા.૨૨-૪નાં સવારે અઠાર અભિષેક બપોરે આદિનાથ પંચ કલ્યાણક પુજા અને મહાકાળીની ભાવના ભણાવાઈ. તા.૨૩-૪નાં પૂજ્યશ્રીની નિશ્રા પ્રેરણાએ ચારિત્ર્ય વંદનાવલિ કાર્યક્રમ સંગીત-ભક્તિગીતો સાથે સુંદર રીતે રજુ થયો જેમાં માત્ર લાભાર્થી પરિવારે જ નહીં પણ સકળ સંઘના ભાવિકોને ચારિત્ર ઉપકરણોની આરાધનાનો લાભ મળેલ. પૂજ્યશ્રીએ ચારિત્રધર્મનો મહિમા ખુબ પ્રભાવકપણે સમજાવ્યો.

શ્રુતજ્ઞાન આરાધના નિમિતે સૌ. પ્રતિભાબેન ભરતકુમાર દંડ સંકલિત જુના-નવા પ્રચલિત ભક્તિગીત-સ્તવનોની પુસ્તિકાનું વિમોચન વિધિ કરાયેલ. આ ઉપરાંત પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજીના માર્ગદર્શન-પ્રેરણાએ આયોજાયેલ જૈનોલોજી કોર્સનો મંગલાચરણ થયો.

આ વિમોચન વિધિ શ્રેષ્ઠીવર્ય શ્રી રાયચંદ હંસરાજ ધરમશીના હસ્તે કરાઈ. તા.૨૪-૪નાં સવારે ઈક્ષુરસથી પ્રભુપ્રક્ષાલ, તપસ્વીઓના અનુમોદનાર્થે ભવ્ય શોભાયાત્રા, તપ અનુમોદના કાર્યક્રમ, પૂજ્યશ્રીનું વ્યાખ્યાન પચ્ચખાણ બાદ રસ વહોરાવી તપસ્વીઓના પારણા અને સંઘ સ્વામીવાત્સલ્ય થયું. આ પ્રસંગે શ્રી ભાવેશભાઈ શાહ (નાશિક)નાં ગીતસંગીત સહ વિધિકાર શ્રી રાજેશભાઈ શાહ (મલકાપુર) એ સમજણ સહ વિધિવિધાન કરાવ્યા હતા. મહોત્સવમાં સૌ. પ્રતિભાબેન દંડ, સૌ. સોનલબેન મૈશેરી ઉપરાંત સૌ. મીનાબેન સંચેતી, શ્રીમતિ શાંતાબેન સંચેતી અને સૌ કલાબેન કોટેચાના વરસીતપ પારણા ઉજવણીનો લાભ દંડ પરિવારે લીધેલ.

આ મહોત્સવ પ્રસંગે મુંબઈ અને આસપાસથી અગ્રણીઓ, મહેમાનો, કાર્યકરો, સગાસંબંધીઓ પધારી લાભ લીધેલ. સકળ સંઘની અનુમોદનીય ઉપસ્થિતિથી સુમતિનાથ ભવન છલકાયેલું રહ્યું.

આ કાર્યક્રમમાં સહભાગી થઈને પણ શેગાવમાં સૌ. સોનલબેન મૈશેરીના વરસીતપ પારણા નિમિતે પહોંચી જઈ લાભ લીધેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## કેડીઓ ક્લાસિક

"કેડીઓ ક્લાસિક"ની ૧૯મી વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૧૨-૧૪ના બે વર્ષ માટેની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી થઈ હતી જેમાં શ્રી રાજેશ પ્રેમજી લોડાયા-પ્રમુખ, શ્રી હિરાચંદ દામજી દંડ-ઉપપ્રમુખ, શ્રીમતી સરસ્વતી જયંત લાપસીયા-માનદમંત્રી, શ્રી જયેશ ગોવિંદજી ખોના-સહ માનદમંત્રી, શ્રી ચાંપશી ડુંગરશી હેફા-માનદકોષાધ્યક્ષ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી, શ્રી ઉદયન લાલજી લોડાયા, શ્રી કલ્પેશ નવિનચંદ્ર ધરમશી, શ્રીમતી કાશ્મિરા જયરાજ કાયાણી, શ્રીમતી ચંદ્રિકા ચેતન લોડાયા તથા શ્રીમતી જયશ્રી ચેતન કુરૂવા બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

## બડગરામાં આયંબીલ

ચૈત્ર મહીનાની શાશ્વતી આયંબીલની ઓળી સુંદર રીતે પુર્ણ થયેલ. ઓળી કરાવનાર શા. વેરશી લધાભાઈ પોલડીયા, શા. શીવજી મુલજી પોલડીયા, શા. નરશી કાનજી દંડ, શા. પ્રેમજી દેવરાજ લોડાયા હતા.

તપસ્વી સૌ. હીરાવંતી પ્રેમજી લોડાયા, સૌ. રમીલા નિરંજન મોમાયા, સૌ. રેખા કાંતિલાલ દંડ, સૌ. સંગીતા વસંત પોલડીયા અને સૌ. રશ્મી સતીષ લોડાયા. છુટક આયંબીલ પણ થયા. મહાવીર જયંતિ નિમિતે ભક્તિ ભાવના ભણાવેલ પુનમના નવપદની પૂજા સાથે રાતના ભાવના ભણાવેલ. સૌએ ઉમંગથી ભાગ લીધેલ.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ–ચાલીસગામ

શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત પૂ.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને અને સૌના સથવારે સામાજિક કાર્યો સફળતાપૂર્વક થઈ રહ્યા છે. દર બુધવારે ગરીબોનો ભોજનની કાયમીતિથીના દાતાઓ માતુશ્રી સુમતિબેન સોમચંદ દંડ (વડાલા-વરાડીયા), શ્રી દીપક દામજી પોલડિયા (ફૈજપુર) જન્મદિન નિમિતે), શ્રી દામજી માણશી દંડ (ઘાટકોપર-વરાડિયા), શ્રી કાંતિલાલ લખમશી ઘુલ્લા (થાણા), પ્રેમકુંવરબાઈ ગોવિંદજી ધરમશી હ. ઉમરશી શામજી મેપાણી (વડાલા), પલ્લવી વિરચંદ શિયાડ હ. વિમલબાઈ નાંદેડ (જખૌ), છગનલાલ વિશનજી ભાટે (ધુલિયા), અમરચંદ હંસરાજ ડાઘા (ધુલિયા). વધુ સંપર્ક માટે સૌ. દિપા મનીષ શાહ (ચાલીસગામ) ૦૨૫૮૯-૨૨૨૮૯૮/૨૨૪૬૯૮

## શ્રી કુંથુનાથ મહિલા મંડળ–રાયપુર

શ્રી મહાવીર જયંતિ ઉત્સવ સમિતિના તત્વધાનમાં શ્રી કુંથુનાથ મહિલા મંડળ-રાયપુર દ્વારા પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવેલ.

પ્રશ્નપત્રના જવાબો "૫" અક્ષરથી શરૂ થતા હતા. જેમાં જૈન સમાજના સભ્યોએ હોંશથી ભાગ લીધેલ.

શ્રી મહાવીર જયંતિ ઉત્સવ સમિતિ-રાયપુર દ્વારા પ્રથમ, દ્વિતિય, તૃતિય વિજેતાઓને ઇનામો આપવામાં આવેલ અને ત્રણ પ્રોત્સાહન ઇનામ કુંથુનાથ મહિલા મંડળ દ્વારા આપવામાં આવેલ.

જેમાં પ્રથમ શ્રીમતી પ્રભાબેન ગિરિશ શાહ તથા અન્ય સૌ. લતાબેન મહેશ શાહ, સૌ. ડિમ્પલ જયેશ નાગડા અને સૌ. ચંદ્રિકાબેન કામદારને ઇનામ મળેલ.

મંડળની મિટિંગમાં સૌ. વિજયાબેન ઉત્તમ લોડાયા અને રતનબેન શરદ મોમાયાએ ધાર્મિક રમત રમાડેલ જેમાં સૌ. કાશ્મીરા કિશોર મોતા વિજેતા રહેલ. મંડળ દ્વારા મહાવીર જયંતિના પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ.

## ધણીબાવા ભાવિક મંડળ–મોટીસિંધોડી

મંડળ તરફથી મોટી સિંધોડીમાં તા.૧૧-૧૨-૧૩ એપ્રીલ ૧૨ના નુતન ધણીબાવા સ્થાનકનું ઉદ્‌ઘાટન તથા ત્ર્યાન્હિકા મહોત્સવ ઉજવાયેલ. મુંબઈ અને બહારગામથી ૫૦ જણાંની પધારેલ. તા.૧૩ના ધણીબાવાની પ્રતિષ્ઠા તથા ગામજમણ રાખવામાં આવેલ. જમીનદાતા માતુશ્રી દીમુબાઈ ચાંપશી મૈશેરી પરિવારના શ્રી લહેરચંદ લખમશી મૈશેરીના અથાક મહેનતથી ધણીબાવાનું સ્થાનક ઝડપથી પુરૂં થયેલ. શ્રી ગૌતમ મુલચંદ મૈશેરી, રમેશ માડણ મૈશેરી, લહેરચંદ નરશી મૈશેરી, નરેશ ત્રીકમજી મૈશેરી, ખુશાલ વેલજી મૈશેરી તથા અન્ય ભાવિકોના સાથ સહકારથી સર્વે કાર્યક્રમ સુંદર રીતે પાર પડેલ. ભુવા મનોજભાઈ ધ્રોળના માર્ગદર્શને સર્વે પૂજા-પાઠ વિધિવિધાન થયા.

## ધુલીયામાં મહાવીર જન્મકલ્યાણક ઉજવણી

અત્રે જૈન ધર્મના દરેક ફિરકા/પંથો સાથે મળી ઉત્સાહથી જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવેલ. આ વરસે મહાવીર પ્રભુના ઉપસર્ગ વિષયે નાટિકાનો કાર્યક્રમ ભારતીય જૈન સંઘટના તરફથી રાખવામાં આવેલ. તા.૪-૪-૧૨ના કાર્યક્રમમાં અચલગચ્છ મંડળની બહેનોએ પણ હર્ષભેર ભાગ લીધેલ. ઉપસર્ગ વિષય પર જાણીતા સંગીતકાર ગાયક શાંતિલાલ શાહના પ્રાચીન સ્તવન "ખીલા ઠોકાણાં" રજુ કરાયેલ. સ્તવન ગાવામાં શ્રીમતી હીરાવંતીબેનનો સાથ સહકાર મળેલ. આ કાર્યક્રમમાં નિર્દેશીકા શ્રીમતી હીરાવંતીબેન મણિલાલ લોડાયા, સુત્ર સંચાલન અને અભિનય સૌ. લતા જયંત દંડ, ગોવાળનું પાત્ર સૌ. કલ્પના મયુર ધરમશી, ભાવિકો સૌ. સુશીલા સુરેન્દ્ર ગાલા અને સૌ. દર્શના મધુસુદન દંડ, બળદના પાત્રમાં ચિ. નીલ જયંત દંડ અને ચિ. જિત

મનિષ ધરમશી હતા. મંડળને આશ્વાસન ઈનામ મળેલ.

મંચની બેઠક તા.૧૩-૪ના સૌ લતાબેન જયંત દંડના ઘરે, સૌ. કલ્પનાબેન ભાટેના પ્રમુખપદે મળેલ. નવકાર પઠન બાદ સૌ. લતાબેને સ્વાગત કરેલ. શ્રી ચેતન પાટીલે બચતગટ વિષે માહિતી આપી, જેમાં બેન્ક અકાઉન્ટ કેમ ઓપરેટ કરવા તથા બચત ટના નિયમો બતાવ્યા. તથા ઓછામાં ઓછા ૧૦ જણ હોય તો બચતગટની સ્થાપના થાય. એના ફાયદાઓ વિષે વિસ્તૃત જાણકારી આપી. મંચના નેજામાં બચત ગટ સ્થાપવાનું નક્કી થયેલ.

સૌ. લતાબેન તરફથી ચેતનાભાઈનનું સ્વાગત તથા શ્રીમતી તારાબેન મોમાયાના હસ્તે એમનું બહુમાન કરેલ. તથા ઠંડાપીણાના સ્ટાર્ટરથી સહુનું સ્વાગત કરેલ.

સૌ. લતાબેને સહુનો આભાર માનેલ તથા પાલિતાણાની સ્પેશ્યલ ભેળની ઉજાણી માણી સૌ છુટા પડેલ.

આ બચતગટ બહાદરપૂરમાં સારું કામ કરે છે. ત્યાં નિલીમાદીદી જેમણે આદીવાસી બહેનોને ગોદડીઓ બનાવી તેની માર્કેટીંગ કરીને વિદેશમાં પ્રસિધ્ધી મેળવી આપેલ. ઉપરાંત અન્ય ઘણાં ઉદ્યોગો કરે છે. નિલીમાદીદીને "મેગ્સાસ" એવોર્ડથી નવાજવામાં આવેલ છે.

## મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-જલગામ

મંચ દ્વારા પદગ્રહણ તથા હલદી-કંકુનો કાર્યક્રમ તા.૧૪-૧-૧૨ના યોજાયેલ મંચની સભ્યોએ બાંધણી પહેરી આવેલ. નવી કારોબારીમાં સૌ. મોહીની લોડાયા-પ્રમુખ, સૌ. તૃપ્તી નાગડા-ઉપપ્રમુખ, સૌ. ભારતી શાહ-સેક્રેટરી, સૌ. કાશ્મીરા લોડાયા-સહમંત્રી, સૌ. ચેતના મોમાયા-ખજાનચી.

સરપ્રાઇઝ વિજેતામાં પ્રથમ સૌ. સોનલ શાહ તથા સૌ. મધુ મોતા તથા ડબલ હાઉસીમાં પ્રથમ સૌ. જયા મોમાયા તથા હસુમતીબેન, દ્વિતીય સૌ. ભારતી લોડાયા, માજી પ્રમુખ સૌ. શૈલા લોડાયા અને ટીમનો આભાર વ્યક્ત કરાયેલ.

મહિલા મંચની બીજી મીટીંગ તા.૨૦-૨-૧૨ના હતી. જેમાં હોળી નિમિત્તે ગ્રુપ ગેમ રમાડેલ. પ્રથમ રેડ ગ્રુપ આવેલ. અલ્પાહાર બાદ સૌ છુટા પડેલ.

## નૂતન ભાવના મંડળ-જલગામ

મંડળ દ્વારા તા.૧૮-૪-૧૨ના મહાવીર જયંતી નિમિત્તે ભગવાનના ગ્રીટીંગ કાર્ડ તથા ધાર્મિક મેસેજ હરીફાઈ રાખેલ. હરીફાઈમાં ૪૫ વર્ષથી નીચેમાં પ્રથમ સૌ. અંજલી લાપશીયા, દ્વિતીય સૌ. નીવાબેન ગાલા, ૪૫ વર્ષ ઉપરનામાં પ્રથમ-સૌ. કુસુમ કેનીયા, દ્વિતીય સૌ. હીરાબેન ગુટકા, નિર્ણાયક તરીકે સૌ. રંજન શાહ અને સૌ. દક્ષાબેન ઓશવાલે કામગીરી બજાવેલ. તેઓનું મંડળે સન્માન કરી આભાર માનેલ.

૮ થી ૧૫ વર્ષના સૌ બાળકો માટે પર્સનાલીટી ડેવલપમેન્ટની ૧૦ દિવસની શિબિરનું આયોજન કરેલ. સારી સંખ્યામાં બાળકોએ લાભ લીધેલ. જેમાં સૌ. શકીનાબેન લહેરીએ વિવિધ ક્લાસ શીખવાડેલ.

સમાજના વિદ્યાર્થીઓને જરૂરત પ્રમાણે લોંગબુક રજીસ્ટર, નોટબુકનું ૫૦ ટકા ડીસ્કાઉન્ટથી વિતરણ કરેલ. જેમાં સારી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધેલ. રાહતદરે નોટબુક વિતરણનાં સહયોગી દાતાઓ ચંદાબેન મોરારજી પોલડીયા, નીરજ નવીન દેઢીયા, સુશીલ લક્ષ્મીચંદ ખોના, રાશી કલ્પેશ છેડા, અવધી લોડાયા, પરી સોની શ્રીયા સોની, ભાવિક સોની, સૌ. ચેતના સત્રા શ્રી લખમશી વિસરીયા, સૌ. ભાવિની નીલેશ કારાણી, શ્રી મોરારજી કેશવજી વોરા, શ્રી મુલજી મેઘજી ગાલા, શ્રી નરેન્દ્ર હંસરાજ શાહ, સૌ. રંજનબેન શાહ, હૃદય, રોનક દેઢીયા, સૌ. શિતલ લોડાયા, કુ. સીમરન. મંડળનાં કાર્યકરોએ જહેમત લઈ આ કાર્યક્રમને સફળ બનાવેલ.

## મિની શંખેશ્વર મહુડીધામ-ભુજ

ભુજ-ભચાઉ હાઈવે ઉપર વર્ધમાનનગરથી ફક્ત પાંચ કિ.મી.ના અંતરે મીની શંખેશ્વર મહુડીધામ તિર્થનું નિર્માણ થઈ રહ્યું છે. આ તીર્થમાં ૩૧ ઈંચના પ્રગટ પ્રભાવી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા તથા શ્રી ઘંટાકર્ણ મહાવીરનું જિનાલય બંસીપહાડ પથ્થરથી બનાવવામાં આવેલ છે. તિર્થના પ્રમુખ શ્રી રાજેન્દ્ર વિરચંદ સાંયાએ સ્વદ્રવ્યથી બનાવેલ છે.

દરરોજ તથા વિશેષમાં દર પૂનમના ભુજ માધાપર, વર્ધમાનનગરથી સારી સંખ્યામાં ભાવિકો પધારે છે. શ્રી ક.દ.ઓ. જૈન નિર્મલ મહિલા મંડળની બહેનો દર પૂનમે પૂજા કરવા આવે છે.

પૂનમના ભાતાની વ્યવસ્થા શ્રી કિશોરભાઈ જીવરાજ સાંયા પરિવાર તરફથી તથા પ્રભાવના શ્રીમતિ કલ્પનાબેન કાંતિલાલભાઈ મોતા (રાપરગઢ) તરફથી રાખવામાં આવે છે.

યાત્રિકોને રહેવા અતિથીગૃહ, ભોજનશાળા તથા બે ઉપાશ્રયનું કાર્ય ટુંક સમયમાં પૂર્ણ થશે. મુંબઈથી બાય રોડ આવતાં આ તિર્થ લાખોંડ ચોકડી પાસે આવેલું છે. આ તિર્થમાં મેનેજર તરીકે વ્યવસ્થા અનિલભાઈ લક્ષ્મીચંદ ડાઘા (સુથરી) સંભાળી રહ્યા છે. સંપર્ક ફોન ૦૯૯૦૯૦૭૧૧૬૩

## શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-જાલના

મંચની બેઠક સૌ. નીતાબેન બી. પોલડીયાની અધ્યક્ષતામાં સૌ. શોભનાબેન બી. લોડાયાના ઘરે મળેલ.

તેમણે સૌને આવકાર આપ્યો. નવકારપઠન બાદ પ્રાર્થના ગવાઈ. તેમણે શ્રીમતી સુનંદા શાહને આંમત્ર્યા હતા.. જેમણે "વાસ્તુ આપણા હાથમાં" શીર્ષક હેઠળ ઘરની શાંતિ અને પવિત્રતા મેળવવાની ટીપ્સ આપી. તેમણે સવારથી સાંજ સુધીના કામમાં થતી ભૂલો પર પ્રકાશ પાડીને નકારાત્મક ઉર્જાને સકારાત્મક ઉર્જા કેવી રીતે ફેરવવી તેની માહિતી આપેલ.. બાદમાં સંક્રાંત નિમિત્તે હલ્દીકંકુનો કાર્યક્રમ રાખવામાં આવેલ.. મંચ તરફથી સૌ. સુનંદા શાહનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું. આભારવિધિ સૌ.. કુમુદ કે. ગોસરે કરી.. દૂધનો આસ્વાદ માણી સૌ છુટાં પડ્યા..

ફેબ્રુઆરીની બેઠક સૌ. કુમુદબેન કે. ગોસરના ઘરે મળેલ.. પ્રથમ નવકાર અને પ્રાર્થના બાદ કુમુદબેને વિવિધ ડિઝાઈનવાળી સાડી પીન બનાવતાં શીખવાડી. શીંગદાણા અને એપલની ચાટ બનાવવાનું શીખવાડેલ.. તેમના તરફથી રૂ.૫૧ તેમજ સૌ. નીતાબેન પોલડીયા તરફથી રૂ.૫૦૧ મંચને ભેટ મળ્યા. આભારવિધિ સૌ. નીતાબેન મૈશેરીએ કરી.. દૂધનો આસ્વાદ માણી સૌ છુટા પડ્યા..

તા.૮-૪-૧૨ની મીટીંગ સૌ. નીતાબેન કે. મૈશેરીના ઘરે મળી.. નવકારપઠન અને પ્રાર્થના બાદ નીતાબેને સૌને સ્વાદિષ્ટ અપમ બનાવવાનું શીખવાડેલ.. તીર્થના નામ શોધો રમતમાં પ્રથમ સૌ. કીર્તી આર. પોલડિયાને ઇનામ મળેલ.. આભારવિધિ સૌ. દિવ્યા પી. શિયાડે કરેલ.. આઈસ્ક્રીમનો સ્વાદ લઈ સૌ છુટા પડ્યા..

## શ્રી લાલજી રામજી બુક બેંક યોજના

વિદ્યાર્થીસંઘ અંતર્ગત શ્રી લાલજી રામજી બુક બેંક યોજના તા.૬-૫-૧૨થી શરૂ થશે. જેમાં સપ્ટેમ્બર ૧૨ સુધી દર રવિવારે ૧૨ થી ૧.૩૦માં સંપર્ક કરી લાભ લઈ શકાશે.. બુક બેંક સમિતિના પ્રમુખ નિર્મલ બાબુલાલ દંડ, માનદમંત્રી કરણ મુલરાજ છેડા (૯૮૩૩૮૧૮૧૯૩), કોષાધ્યક્ષ વિપુલ પુનમચંદ સોની, સભ્યો દર્શન ભરત મુનવર, ઉતીન રાજેશ ધરમશી, વૈભવ પ્રફુલ મૈશેરી, હિરેન કિરણ ધુલ્લા, ભાવિક હંસકુમાર છેડા, ભાવેશ જીતેન્દ્ર લોડાયા, અનુજ ગિરીશ લોડાયા (૯૫૯૭૮૭૮૦૦) દર્શના કિશોર છેડા (૯૯૨૦૫૩૯૫૪૯) કાર્યલય : ૧૭, ભેદા ભુવન, જેઠાભાઈ લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭.

## મુંબઈમાં શતાબ્દિ ઉજવણી નિમિત્તે કાર્યક્રમો

યુવાચાર્ય પૂ. કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ની પાવન નિશ્રામાં તેમની પ્રેરણા અને માર્ગદર્શને વિવિધ સંઘોમાં ગચ્છ પ્રવર્તનની નવમ શતાબ્દિ દાદાગુરૂ આર્યરક્ષિત સુરી અને ગુરૂદેવ પૂ.આ.શ્રી ગુણસાગરસુરીનાં જન્મ શતાબ્દિ વર્ષ નિમિતે વિવિધ સમુહ કાર્યક્રમોમાં ગુરૂદેવોને વંદનાવલિ, શતાબ્દિનાયક ગુરૂદેવોના સુરિપદની ગુણાનુવાદ સભા, ૧૦ કરોડ "નમો આયરીયાણં" મંત્ર પદાલેખન જાપ, સમુહ દેશાવગાસિક, જ્ઞાન-દર્શન-ચારિત્ર વંદનાવલિ કાર્યક્રમો, દીક્ષાતિથી ઉજવણી આદિ અનુષ્ઠાનો થઈ રહ્યા છે.

આ કાર્યક્રમોમાં વિવિધ સંઘો, પરાંઓના મહિલા મંડળો, પુજામંડળો, સામાયિક મંડળો, યુવાગ્રુપ, સંઘ પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, પાઠશાળાઓ આદિ વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાઈ રહ્યા છે. સમગ્ર ભારતભરમાં ગચ્છ પ્રભાવનાનું શ્રેષ્ઠ કાર્ય અનુમોદન થઈ રહ્યું છે. ગચ્છસ્તરે ઐક્ય અને ધર્મ જાગૃતિની લહેર પસરી છે. ચાતુર્માસ પ્રવેશ પુર્વે ઉગ્રવિહારોમાં પણ પૂજ્યશ્રીઓ શક્યતઃ સંઘોને ધર્મલાભ આપી રહ્યા છે.

પૂ. આર્યરક્ષિતસુરીજીની ૯૨૯મી દીક્ષાતિથિ (દંતાણી) જે રવિ. ૨૯/૪ના છે તે નિમિતે દાદર વસંતસ્મૃતિ હોલ, ફાલકે રોડ, ભરતક્ષેત્ર ઉપર બપોરે ૧ થી ૪ માં પૂજ્યશ્રીની નિશ્રામાં સમુહ દેશાવગાસિક કાર્યક્રમ યોજાયો છે.

શતાબ્દિવર્ષમાં ગુરૂ ઋણભક્તિરૂપે ભાવિકો સંઘ એકતા, સાધના વિરતિ, સંસ્કારવૃધ્ધિ, પુણ્યવૃધ્ધિ, કર્મક્ષય આદિ ભાવનાએ ઉછળતા ઉમંગે કાર્યક્રમોમાં જોડાઈ ધર્મભાવના-આરાધના કરી રહ્યા છે. પૂજ્યશ્રી અથાગ પરિશ્રમ કેળવી સંઘમાં ધર્મજાગૃતિ પ્રેરણા-માર્ગદર્શન આપી રહ્યા છે.

## મુંબઈમાં વરસીતપના સમુહ પારણાં

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘનાં ઉપક્રમે પુ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.શ્રમણ-શ્રમણીવૃંદની નિશ્રામાં મુંબઈ-ઘાટકોપરમાં સોમૈયા ગ્રાઉન્ડમાં ૨૭૦થી વધુ વરસીતપ આરાધકોએ વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં ઇક્ષુરસથી સમુહ પારણાં કર્યા હતા..

પૂજ્યશ્રીએ માંગલિક અને આશિર્વચન ફરમાવેલ. આગામી વર્ષમાં અચલગચ્છ સમાચારી પ્રવર્તનની નવમ શતાબ્દિ અને શતાબ્દિનાયક ગુરૂદેવોની સુરિપદ ઉજવણી નિમિતે સમુહ વરસીતપ અભિયાનમાં ૧૫૦૦થી વધુ વરસીતપ આરાધકોએ નોંધણી કરાવી છે. આ ઉપરાંત પૂજ્યશ્રીના શતાબ્દિવર્ષ નિમિતે અનેકવિધ ધાર્મિક-સામાજિક આયોજન થઈ રહ્યા છે. આ વરસીતપનાં આરાધકોને આગામી અક્ષયતૃતિયાએ હસ્તીનાપુર તીર્થે પારણાં કરાવાશે અને ભવ્ય મહોત્સવ ઉજવાશે. તેમજ એ યાત્રિકોને શત્રુંજ્યતીર્થ યાત્રાનો પણ લાભ અપાશે.. આ સમગ્ર આયોજન માટે વિવિધ લાભ-નકરાના દાતાઓ ઉમંગે નોંધાઈ રહ્યા છે. સમુહફંડમાં રૂ.૩ લાખના દાતાઓ પણ ઉછળતાભાવે લાભ લઈ રહ્યા છે. આ વિશાળ આયોજન

માટે ભવ્ય તૈયારીઓ આરંભાઈ છે. પૂ.આ. કલાપ્રભસાગરસુરીજીનાં પ્રેરણા-માર્ગદર્શનમાં સંઘમાંથી પ્રચંડ પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

આ સમુહ પારણાં કાર્યક્રમમાં તપસ્વીઓની અનુમોદના કરાઈ. વિવિધ આયોજનોની જાહેરાત થઈ. આદિનાથદાદાની સંગીતમય સંવેદના શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને સાથી કલાકારોએ કરાવી.

સમુહ વરસીતપ પારણાંના વિવિધ દાતાઓના બહુમાન કરાયા. કાર્યક્રમ સંચાલન શ્રી નરેન્દ્રબાઈ નંદુએ કરેલ. પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીજી વર્ધમનનગર-ભુજમાં, ચાતુર્માસ અને પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીનું જોગેશ્વરી (મુંબઈ) માં ચાતુર્માસની જય બોલાવાઈ.

વિવિધ સંઘના કાર્યકરો, વોલેન્ટીયર ગ્રુપ, જીરાવલ્લા યુવકમંડળ આદિએ સ્વયંસેવા ફરજ બજાવી. દિલેર દાતાઓએ ગચ્છના વિવિધ કાર્યો માટે મન મુકીને વરસ્યા.

### સાભાર સ્વિકાર "કચ્છ-અર્પણ"

"કચ્છ-અર્પણ" માર્ચ, ૨૦૧૨નો અંક બહાર પડેલ છે. ઉનાળાનાં બળબળતા તાપમાં રાહત પહોંચાડતા માટીનાં મટકાંઓનું કલામય મુખપૃષ્ઠ ધરાવતા અંક સાથે પર કવિ ડો. વિસન નાગડાની બે પંક્તિઓ *હાંઢા ભર, ભર બોંધણાં, ખપેં વડા જલ બુક! પીંધલ માતર ચેંતા તોકે, પીંઆણું આખર ઢુક!!*

આ અંકમાં "ભાગલાનાં ભોગે ખોવાયા હિંગલાજમાતા" પાકિસ્તાનનાં બલુચિસ્તાનમાં શક્તિપીઠ હિંગલાજ માતાની અનોખી સફર કરાવે છે. "ફોટો સ્ટોરી" સાથે નવા પ્રયોગમાં કચ્છના પહેલા પ્રવાસે નીકળનાર યુવકનાં અનુભવોનું ચિત્રાંકન કરાયેલ છે. અન્ય વિભાગોમાં કચ્છી ભાષા વીષેની ડો. વિસન નાગડાની કોલમ, "છેલ છબીલી છોગાળી છત્રી"માં ડો. ગિરીશ વીંછીવોરાની કમાલ તો "એક વળાંક"માં ડો. ગુલાબ દેઢીયા ગામની યાદોને ઢંઢોળે છે. ઉપરાંત કવિ "તેજ"ની "ટીટોડી ટહુકા કરે" નો ગુજરાતી અનુવાદ તથા દીલીપભાઈ આચાર્યની વાર્તા "ભુકંપ" અંકને સભર રાખે છે. આપણી વિરાસતોમાં પ્રમોદ જેઠી કસબ દાખવે છે. અચો મુંજે ગોઠમાં હેરીટેજ વિલેજ તેરાની સફર, વતનનાં વાવડ, આપણી વેબસાઈટો, વ્યક્તિ વિકાસ વગેરે ધ્યાનાકર્ષક છે. પાંચ વર્ષનાં લવાજમ સાથે કવિ "તેજ"નું પુસ્તક ભેટ સ્વરૂપે અપાય છે.

માહિતિ માટે સંપર્ક : પ્રકાશક/તંત્રી : નવીન પટેલ, "કચ્છ-અર્પણ", ડી/૧૧૬, વલ્લભ વિહાર કોમ્પલેક્ષ, મહાવીર હોલ નજીક, આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. ફોનઃ ૦૨૬૫-૨૫૧૬૪૮૨, મો. ૯૩૭૭૧૨૪૫૮૨

### મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-નાગૂપર

મંચની સભા સૌ. મધુ નીતિન મુનવરના ઘરે સૌ. પુનમ પ્રફુલ મોમાયાની અધ્યક્ષતામાં મળી. નવકાર પઠનબાદ ગયા વરસના હિસાબનો અહેવાલ ખજાનચી મોહીની મૈશેરી એ રજુ કરેલ. દર વરસે મહાવીર જયંતિ નિમિતે ખોલવામાં આવતાં ડબ્બામાં રૂ.૧૮૧૯/- જમા થયા હતા.

પુનમબેન દ્વારા રમાડાયેલ જય જિનેન્દ્ર ગેમમાં પ્રથમ પ્રગતિ ખોના તથા દ્વિતિય તરલા લોડાયાને ઈનામ મળેલ. ઈનામો મધુબેન મુનવર તરફથી સુમતિબેન લોડાયાના હસ્તે આપવામાં આવ્યા. સુમતિ લોડાયાના લગ્નની વર્ષગાંઠ નિમિતે મંચને રૂ.૧૦૧/- ભેટ મળ્યા.

હૈદ્રાબાદના કચ્છી મિત્ર મંડળમાં થઈ રહેલ પ્રવૃતિઓની જાણકારી નિયાંપોના માધ્યમે પુનમબેને વાંચીને સંભળાવેલ.

અલ્પાહાર લાભ લઈને સહુ છુટા પડ્યા હતા. આભાર સેક્રેટરી કાજલ પોલડિયાએ માનેલ.

### અબડાસા તાલુકો ગુજરાતને વીજળી આપશે

અદાણી એન્ટરપ્રાઈઝેસ લિ.ના ૪૦ મેગા વોટ સૌર ઉર્જા એકમ અને પાનધ્રો જી. એમ.ડી.સી.ના ૫ મેગાવોટ સૌર ઉર્જા એકમ અબડાસા તાલુકામાં બિટ્ટા ગામ પાસે કાર્યરત થઈ રહ્યા છે. તેનું લોકાર્પણ તાજેતરમાં ગુજરાત રાજ્યના પુરવઠા મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતમાં સોલાર ઉર્જા ૯૦૦ મે.વો. છે, જેમાં બે તૃતીયાંશ હિસ્સો ગુજરાતનો છે. દેશનો સૌથી મોટો સૌર પ્લાન્ટ ઓછા સમયમાં કાર્યરત કરવાનો વિશ્વ રેકાર્ડ અદાણીએ કર્યો છે. ૪૨૨૦ મે.વો. વીજળી અદાણી કંપની આપી રહી છે અને નજીકના ભવિષ્યમાં ૨૦ હજારનું લક્ષ્યાંક પુરૂં કરવાની પણ નેમ છે. પર્યાવરણને નુકસાન ન થાય તેવી ટેક્નોલોજી સર્વ પ્રથમ ભારતમાં શક્ય બની છે. ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે ગુજરાત રાજ્યમાં કાર્યાન્વિત થયેલા ૬૦૦ મેગાવોટ સૌર ઉર્જાના વિવિધ એકમોનું ૨૦ એપ્રિલ ૨૦૧૨ના રાષ્ટ્રને સમર્પણ કરાયું હતું. બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરી ઔદ્યોગિક ક્ષેત્રે કચ્છ રોલ મોડેલ બન્યું છે. આમ સૌર ઉર્જાના વિકાસ થકી ત્રીસ હજાર લોકોને રોજગારીની તકો મળશે.

### શ્રી મહાકાલી જૈન મિત્ર મંડળ-ભારતનગર

મંડળ દ્વારા ગાંધીધામમાં તા.૧૦-૩-૧૨ના રાત્રે ૯ વાગે મહાકાળીની ભાવના રાખવામાં આવેલ.

ભાવના સ્વ. શ્રી ભવાનજી પરબત મોતા પરિવાર (વારાપધર-સાંગલી) હ. રાજેશભાઈ તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં સારી સંખ્યા ભાવિકો પધારેલ. પરિવાર

તરફથી ૩ ઈનામ હતા. હારમોનીયમ જયંતભાઈ તથા તબલા મનીષ લાલકાએ વગાડેલ. નીલમબેન દંડ, મનીષાબેન લાપશીયા, લતાબેન નાગડાએ ભક્તીગીતોની સારી રમઝટ જમાવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ-વડોદરા

તા.૪-૪-૧૨ના મહાવીર જન્મકલ્યાણક નિમિતે સવારના સ્વ. રામજી કુંવરજી નાગડા અને સ્વ. વીરચંદ લાલજી ધરમશી (અંબડ) તરફથી સાટાની પ્રભાવના કરવામાં આવલે.

શ્રી સમસ્ત વડોદરા જૈન સંઘ તરફથી બધા ફીરકાઓનો સાથે વરઘોડો કાઢવામાં આવેલ. જેમાં સંઘના યુવક મંડળ મહિલા મંડળના સભ્યો તથા પાઠશાળાના બાળકો બાલિકાઓએ ઉત્સાહ સાથે ભાગ લીધેલ.

બપોરના ૨.૩૦ કલાકે શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા સંઘ તરફથી શ્રી કેડી.ઓ. ભવનમાં મહિલામંડળે ભણાવેલ અને પ્રભાવના કરવામાં આવેલ.

તા.૬-૪-૧૨ના રાત્રે ૮ કલાકે શ્રી મહાકાલી માતાજીની ભાવના માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી ચિ. રેશાના લગ્ન પ્રસંગે રાખવામાં આવેલ. ભાવનામાં ગરબારાસની રમઝટ જામી. ભાવનામાં સારી સંખ્યામાં હાજરી થયેલ.

તા.૨૪-૩-૧૨ શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ આયોજીત વેરીયેન્ટ ક્લાસના શ્રીમતી વર્ષાબેન નવીન પટેલ તરફથી જુદી-જુદી વાનગીઓની રેસીપી શીખડાવવામાં આવેલ. ત્યાર બાદ IFB ઇન્ડસ્ટ્રીઝ તરફથી માઇક્રોવેવ ઓવન-વોશીંગ મશીન ક્લોથ ડ્રાયર ફ્રન્ટ લોડર-ટોપલોડર-ડીશવોશરનું લાઈવ ડેમો રાખવામાં આવેલ. એમાં મહિલા મંડળના ૭૦ સભ્યોએ લાભ લીધેલ. ત્યારબાદ અલ્પાહાર રાખવામાં આવેલ.

તા.૨૪-૩-૧૨ શ્રી ભલારાદાદાના ભાવિકો પરિવાર તરફથી સાંજના ૭ કલાકે શ્રી ભલારાદાદાની સમુહપહેડી શ્રી કે.ડી.ઓ. ભવનમાં રાખવામાં આવેલ. ભલારાદાદાના ભાવિકોએ પાઠમાં હાજર રહીને પહેડી-પ્રસાદ તથા જ્યોતના દર્શનનો લાભ લીધેલ. ત્યારબાદ સંઘના સર્વે કુટુંબોએ પહેડીપ્રસાદનો લાભ લઈને છુટા પડેલ.

ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળી ભાગ્યશાળી સ્વ. જેચંદ દામજી લોડાયા પરિવાર (જખૌ-વડોદરા) તરફથી શ્રી કે.ડી.ઓ.ભવનમાં રાખવામાં આવેલ. સંઘમાં છ જણાંએ આયંબિલ ઓળી પુર્ણ કરેલ. અને દરરોજ પ્રભાવના કરવામાં આવેલ. સંઘમાં કુલ ૭૫ જણાંએ આયંબિલ કરેલ.

તા.૭-૪-૧૨ના નવપદની પૂજા સ્વ. જેચંદ દામજી લોડાયા તથા માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા તરફથી શ્રી મહિલા મંડળે ભણાવેલ.

## જખૌ તીર્થે ચાતુર્માસ આરાધનાની તૈયારી

જખૌતીર્થે પૂ.સા.શ્રી જયકીર્તીશ્રીજી મ.સા.નું ચાતુર્માસ મળતાં આનંદની લહેર પ્રસરી છે. ઘણાં જખૌવાસી ભાવિકો ચાતુર્માસ આરાધના અને પર્વ પર્યુષણ ઉજવાણી માટે મુંબઈથી સંઘરૂપે જવા આયોજન કર્યું છે. સંઘની વિનંતીને માન આપી પૂ. અચલગચ્છાધિપતિથીએ પૂજ્યશ્રીની આજ્ઞા આપી જખૌને લાભ આપેલ છે. પૂજ્યશ્રી અષાઢીબીજ આસપાસ ચાતુર્માસ પ્રવેશ કરશે.

જખૌ મહાજનશ્રી અને ટ્રસ્ટબોર્ડ દ્વારા ચાતુર્માસ આરાધનાર્થે સ્થાનિક અતિથીગૃહ સુધારણા અને ભોજનશાળામાં સુવિધા આદિ માટે જરૂરી કામો કરવામાં આવશે. આ ઉપરાંત તીર્થસંકુલમાં જરૂરી રીપેરીંગ, રંગરોગાણ આદિ કાર્યો માટે પ્રયાસ ચાલુ છે.

પર્વ દરમ્યાન ગીત-સંગીતસહ વિધિવિધાન-ભાવના આદિ ગોઠવાશે. નવી ટીમ દ્વારા તીર્થમાં શાનદાર ઉજવણી અને ધર્મ આરાધના માટે સઘન પ્રયત્ન ચાલુ છે. સર્વે જખૌવાસીઓ, નિયાણી બહેનો-દીકરીઓ અને અન્ય આરાધના-તપસ્યા ઇચ્છુક ભાવિકોને તીર્થમાં પધારી પર્વ ઉજવણીનો લાભ લેવા આમંત્રણ છે.

## "માનવજ્યોત" ટ્રસ્ટનું સ્નેહમિલન

"માનવજ્યોત" ટ્રસ્ટના ઉપક્રમે ૨૧ વર્ષની કામગીરીની ઝલક નિહાળવા-માણવા કાર્યકરોનું સ્નેહમિલન રવિ. તા.૨૨-૪-૧૨ના સવારે ૯.૩૦ વાગે કેલકર કોલેજ-મુલુન્ડમાં યોજાયું હતું.

આ પ્રસંગે નુતન ડેન્ટલ ચેરનું ઉદ્‌ઘાટન, ધ ગાઇડ ટુ શોસ્યલ વર્ક ગુજરાત ૨૦૧૨નું વિમોચન, ફાઉલર બેડ અને ઓકસીજન સીલીંડર ભેટ સ્વીકાર, સ્મશાનગાડીનું નુતનીકરણ, ડેડબોડી ટ્રોલી અર્પણ, માનવજ્યોત-ડોંબીવલી શાખાનું મંગલાચરણ, માનવજ્યોત વેબસાઇટનું શુભારંભ, ૧૦ નવા મેડીકલ બોક્સનું વિતરણ, નિરાધારોને આશ્રયસ્થાને પહોંચાડવા વાહનનો અર્પણવિધિ વગેરે કાર્યક્રમો ઉપરાંત દાતાઓનું અભિવાદન કરાયેલ.

સેવાભાવી કાર્યકર શ્રી કુલીન લુઠીયા અને ટીમનાં કાર્યકરોએ જહેમત લઈ કાર્યક્રમને સફળ બનાવેલ. સંસ્થા જરૂરતમંદોને વૈદકીય, રાહત સેવા માર્ગદર્શન આપે છે અને જીવદયા પ્રવૃતિ કરે છે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુન્ડ (પુર્વ)

સંઘનાં ઉપક્રમે સુમતિનાથ જિનાલયે નુતન જિનબિંબ, દેવ-દેવી, ગુરૂમુર્તિ આદિના અંજન-પ્રતિષ્ટા સંવિધાન ચડાવાનો સમારોહ પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા. વિશાળ સાધુ-સાધ્વીજીવૃંદની નિશ્રામાં શ્રી નરેન્દ્રભાઈ નંદુના માર્ગદર્શન-સંચાલને યોજાયેલ છે. જેમાં ૮૦ જેટલા વિવિધ ચડાવા/નકરા છે. આ કાર્યક્રમ રવિ. તા.૧૭ થી ૨૪ જાન્યુ.૨૦૧૩માં અષ્ટાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાશે. સમારોહ દીપ પ્રાકટ્યમાં સમાજનાં પાંચ અગ્રણી મહાનુભાવોમાં શ્રી સોમચંદ વેલજી લોડાયા (આરીખાણા)ના હસ્તે થશે.

## રાહતદરે ડેન્ટલ ક્લીનીક સેવા

માનવસેવાને મહેંકાવતા "માનવજ્યોત"ના શ્રી લખમશી ઘેલાભાઈ સાવલા મેડીકલ રીલીફ સેન્ટરમાં અક્ષય તૃતીયાથી અલ્ટ્રા મોર્ડન ઈમ્પોર્ટેડ આધુનિક ડેન્ટલ ચેર સાથેનું મોડર્ન ડેન્ટલ ક્લીનીક પુન શરૂ કરવામાં આવેલ છે. ઉપરાંત ડેન્ટલ ટ્રીટમેન્ટના ચાર્જીસમાં પણ ઘરખમ ઘટાડો કરી જનતાને રાહત દરે ટ્રીટમેન્ટ મળી રહે એવા ઉમદા હેતુથી આ સેવા શરૂ કરાઈ છે. સવારના ૧૦થી સાંજે ૬ સુધી દોઢ કલાક ગાળામાં એક્સપર્ટ ડેન્ટીસ્ટો સેવા આપે છે. જનતાને લાભ લેવા વિનંતી છે.

## કચ્છમાં વરસીતપનાં સમુહ પારણાં

શ્રી કાંડાગરા શ્વે. મૂર્તિપૂજક અચલગચ્છ જૈન સંઘ દ્વારા શ્રી ચતુર્વિધ જૈન સંઘ ઈક્ષુરસ પારણોત્સવ, હસ્તિનાપુરી નગરી, કાંડાગરામાં અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.આ.ઠા., પૂ. વિદ્યાચંદ્રવિજયજી મ.સા., યતિ શ્રી મોતીસાગરજી અને શ્રમણ-શ્રમણી વૃંદની નિશ્રામાં ઉજવાયો. આખા દિવસની સાધર્મિક ભક્તિ તથા તપસ્વીઓનાં પારણાનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા પરિવારે લીધો હતો.

જિનાલયથી વર્ષીતપનાં તપસ્વીઓનો ભવ્ય વરઘોડો વાજતે-ગાજતે નીકળ્યો. જે હસ્તિનાપુર નગરીએ પહોંચ્યો. જ્યાં પ્રારંભે ગુરૂવંદના બાદ અચલગચ્છાધિપતિશ્રીએ માંગલિક સંભળાવેલ. સંગીતકાર ચંદ્રકાન્તભાઈ દેઢીયાએ સ્વાગત ગીત રજુ કરેલ. મહેમાનોનું સ્વાગત શ્રી તારાચંદભાઈ છેડાએ કરેલ અને પ્રસંગની પ્રસ્તાવના રાખેલ. બાળાઓનાં હસ્તે સંઘપૂજન કરવામાં આવેલ.

ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.એ પ્રસંગોચિત મહિમા સમજાવેલ. ગુરૂપુજન ચડાવાનો લાભ શ્રીમતિ રતનબેન માણીલાલ છેડા (કાંડાગરા) તથા અચલગચ્છાધિપતિશ્રીને કામળી તથા અન્ય શ્રમણ-શ્રમણીવૃંદને પાત્રા વહોરાવવાનાં ચડાવાનો લાભ શ્રી જેન્તીલાલ પુરૂષોત્તમ ભાનુશાલીએ લીધો હતો.

પુજ્યશ્રીનો ચાતુર્માસ વર્ધમાનનગર-ભુજમાં જાહેર કરાતાં નવનીતનગર, વર્ધમાનનગર અને ભુજવાસીઓ આનંદે ઝુમ્યા હતા. ચાતુર્માસ દરમ્યાન ૫ મહિના સાધર્મિક ભક્તીનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા પરિવાર લેશે. પૂજ્યશ્રી તા.૨૪-૬ નાં વર્ધમાનનગર મધ્યે ચાર્તુમાસ પ્રવેશ કરશે. પૂજ્યશ્રીએ દરેક સાધુ-સાધ્વીશ્રી ભગવંતોનાં ચાર્તુમાસોની ઘોષણા કરી હતી. અગ્રણીઓ, દાતાઓ, કાર્યકરો અને વિશાળ સંખ્યામાં ભાવિકો પધારેલ.

આ પ્રસંગે અદાણી ફાઉન્ડેશન દ્વારા કાંડાગરા પાંજરાપોળ જીવદયા સંસ્થાને રૂ.૫૦ લાખ તેમજ લહેરીભાઈ દેઢીયા તરફથી રૂ.૧૧ લાખ જીવદયા માટે અર્પણ કરાયા હતા. સળંગ ૪૩ વર્ષીતપનાં આરાધક અચલગચ્છાધિપતિશ્રીને માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા પરિવારજનોએ ઈક્ષુરસ વહોરાવી પારણા કરાવ્યા હતા સાથે વર્ષીતપ આરાધક સાધુ-સાધ્વીશ્રીઓ તથા ૧૮ શ્રાવક-શ્રાવિકાઓને પારણા કરાવાયું.

૧૮ શ્રાવક-શ્રાવીકાઓને માતુશ્રીલક્ષ્મીબાઈ જગશી છેડા પરિવાર દ્વારા હીરાજડીત સોનાની વીંટી પ્રભાવના કરાઈ. જ્યારે કાંડાગરા જૈન સંઘ તથા અન્ય દાતાશ્રીઓ દ્વારા પણ ભેટો અપાઈ. સાંસદ શ્રીમતી પુનમબેન જાટ પધારેલ.



## રાહુલ રાકેશ છેડા

ચિ. રાહુલ (નલીયા-હુબલી) ધો.૪ ઉ.વ.૧૦ એણે પ્રતિભા વિજ્ઞાન ટેલન્ટ ICETC (દાવણગેરી) દ્વારા લેવાયેલ પરિક્ષામાં તા.૭-૧-૧૨ના રાજ્યસ્તરે સતત બીજા વર્ષે શીલ્ડ અને રાષ્ટ્રીય પ્રશસ્તિપત્ર મેળવેલ છે. હાર્દિક અભિનંદન.

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ

ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિજનો માટે વિવિધ કલા તાલિમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં દરરોજ બપોરે ૨ થી ૪માં તા.૧૮-૫ના ડિસ્પ્લે, ૧૯-૫ના મેની-પેડી ક્યોર, ૨૧-૫ના શોપ બુકે, ૨૨-૫-ના અંબ્રેલા પેન્ટીંગ, ૨૩-૫ના મેક્મીબેલ્ટ, ૨૪-૫ના રીબીન વર્ક, ૨૫-૫ના પપઅપ કાર્ડ, ૨૬-૫ના નેચરલ આઈસક્રીમ વગેરે રહેશે. ભાગ લેનારાઓએ જરૂરી વસ્તુઓ સાથે લાવવાની છે.

## જૈનોલોજી કોર્સની સુવિધા

પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નાં માર્ગદર્શને શ્રી શત્રુંજય-મુક્તિ સમ્યકજ્ઞાન જૈનોલોજીનો સ્નાતક-અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ આગામીસત્રથી શરૂ કરવામાં આવે છે. આ કોર્સ અંગ્રેજી, હિંદી, ગુજરાતીમાં ક્યાંપણ, કોઈપણ કરી શકશે. એની કેન્દ્રીય પરીક્ષા રહેશે. સંપર્ક કેન્દ્રોપરથી માહિતી મળી શકશે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**મીલન લક્ષ્મીચંદ લોડાયા** શિવ મેજેસ્ટીક એફ-૨૩, પાટીલ સ્કુલની સામે, ધામણી રોડ, નેમીનાથનગર, સાંગલી-416416 0233-2372829

**પીયુષ સોમચંદ નાગડા** સબનીસ પેલેસ, બંગલો નં.૧, ગૌરી પ્રેટ્રોલપંપની બાજુમાં, અલ્ટો બેતીમ, પરવરીમ, ગોવા-403521 M.8722159921

**લલીત સોમચંદ છેડા** ૨૧, એલીફન્ટા સોસાયટી, ડી.કે. પટેલ હોલ સામે, નારાણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

**વિજય સી. મોમાયા** બ્લોક ૧૮, વર્ધમાન હાઈટસ, વર્ધમાનનગર, સોલાપુર-૪૧૩૦૦૨

**અશોક હીરજી લાપસીયા** લીબાસ ટેલર્સ, લાપસીયા સદન, ૭૨ નવી પેઠ, જલગામ-૪૨૫૦૦૧

**અમૃતલાલ વીશનજી મોમાયા** ૨૮/૩૦૧૩ વિજય વીલા, ડેવીડ કોલોની રોડ, ઓફ ચીલાવજપુર રોડ કોચીન-૬૮૨૦૦૨૦

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

ચંદન સોમચંદ નાગડા (ગોવા) ૯૪૨૦૮૧૮૭૮૧ મોના પીયુષ નાગડા (ગોવા) ૯૪૨૨૫૯૩૮૬૯

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪-૩-૧૨ | ડોંબિવલી | LUPL011003 | કવિશ-વિનય ઈન્દ્રવદન પોલડીયા | લુણી | પુત્ર |
| ૧૬-૧૨-૧૧ | વડોદરા | KRNG | મૈથીલી શ્રેયસ નટવરલાલ નાગડા | કોઠારા | કન્યા |
| ૨૮-૨-૧૨ | ગાંધીધામ | TRDD030305 | લાવણ્યા-અમીત મહેન્દ્ર દંડ | તેરા | કન્યા |
| ૨૩-૨-૧૨ | ઘાટકોપર | NLNG260203 | સમક્ષ-કુણાલ નરેન્દ્ર નાગડા | નલિયા | પુત્ર |
| ૬-૪-૧૨ | ભંડુપ | SUKN012103 | પ્રેક્ષા-ધર્મેશ ટોકરશી ખોના | સુથરી | કન્યા |
| ૨-૧૧-૧૧ | ઘાટકોપર | PRDD010204 | જયવિશ દેવાંગ મણીકાંત દંડ | પરજાઉ | પુત્ર |
| ૬-૪-૧૨ | કોઈમ્બતુર | VRDA041104 | પલાશ-દિલીપ અશોક ડાઘા | વરાડીયા | પુત્ર |
| ૧૬-૩-૧૨ | ઘાટકોપર | SUMO101701 | ધ્યાના-તીર્થેશ ચેતન મોમાયા | સુથરી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૪-૧૨ | ગદગ | JKDH031004 | ઈશ્વર પ્રવીણચંદ્ર શાંતિલાલ ધરમશી | જખૌ | ૩૦ |
| | લાતુર | LADD010203 | વર્ષા નરેન્દ્ર લાલજી દંડ | લાખાણીયા | ૨૬ |
| ૨૪-૪-૧૨ | હુબલી | GDKR070304 | અભીષેક તિલક ખેતશી કુરવા | ગોધરા | ૨૬ |
| | ડોંબિવલી | SRMT010303 | અંકીતા પ્રશાંત શામજી મોતા | સુખપર | ૨૩ |
| ૨૪-૪-૧૨ | કાંજુરમાર્ગ | PRNG101002 | ભૌમિક ચંદ્રકાંત દામજી નાગડા | પરજાઉ | ૨૬ |
| | વિક્રોલી | SUMT030909 | મિતાલી દિનેશ વિશનજી મોતા | સુથરી | ૨૩ |
| ૨૪-૪-૧૨ | ભાંડુપ | SMMO010204 | પ્રશાંત વીરચંદ ખીમજી મોમાયા | મોટીસિંધોડી | ૩૨ |
| | અમદાવાદ | TRLO020704 | જયુ તારાચંદ વેલજી લોડાયા | તેરા | ૩૨ |
| ૧૬-૪-૧૨ | રાયપુર | VVLO100303 | વિનય હંસકુમાર વીરચંદ લોડાયા | વારાપધર | ૨૪ |
| | પારોલા | GEDA010103 | રીટા વેલજી મોરારજી ડાઘા | ગોએરસમા | ૨૨ |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ


## જ્ઞાતિગૌરવના નિમિતોની અનુમોદના

★ **કીર્તિ સુરેશ સોની** (સુથરી-અમદાવાદ) સોલીસીટર થવા બદલ

★ **પન્ના મોમાયા** (વરાડીયા) DYSP પદે નિયુક્તિ બદલ

★ **ડો. યોગીની વેરશી મૈશેરી** (મોટીસિંધોડી-ચુનાભટ્ટી) "ભારત જ્યોતિ" બહુમાન બદલ

★ **શ્રી. પ્રબોધ હીરાચંદ મુનવર** (કોઠારા-ભુજ)ને ગુજરાત સરકાર દ્વારા સુવર્ણચંદ્રક, પ્રશસ્તિ એવોર્ડ અને પુરસ્કાર બદલ.

★ **કુ. મયુરી રમેશ શિયાડ** (દલતુંગી-સાંગલી)ને M.Sc. (Bio-tech)માં છ સુવર્ણપદક મેળવવા બદલ...

**હાર્દિક અભિનંદન - જ્ઞાતિ આપનું ગૌરવ લે છે... વધુ યશ પ્રાપ્તિની શુભેચ્છા**

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

## શાશ્વત : સાત્વિક અને ઉપયોગી તત્વજ્ઞાનસભર જૈનોલોજી અભ્યાસક્રમ

**વહીવટી કાર્યાલય :** C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા 364270

**શુભાશિર્વાદ :** અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન, પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. અને પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.

**દિવ્ય કૃપા :** આગમઆરાધિકા બા.બ્ર.પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. • તથા શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.

**ઉપક્રમ :** પ્રેરણા-માર્ગદર્શન પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા. (M.Sc., Ph.D.)

**પ્રસ્તાવના...**

આજે સર્વત્ર અસંતોષની આગ સળગેલી છે. જીવો ઘણીજ દોડાદોડ અને ગળાડૂબ સ્પર્ધામાં અટવાયેલા છે. જેથી સતત તાણ અને અશાંતિ અનુભવી રહ્યા છે. અમુલ્ય માનવજીવનને માણવાને બદલે એને ગુમાવી રહ્યા છે. આવી પરિસ્થિતીમાં એકમાત્ર જૈન દર્શન અને સમ્યગ્ જ્ઞાન એને સાચું માર્ગદર્શન આપી શકે છે. શ્રુત સાગર અપાર છે. સમ્યગ્ જ્ઞાનની ગંગાને આપ સહુના ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય દેવ-ગુરૂની અસીમ કૃપાથી અમે આદર્યું છે.

જિજ્ઞાસુ વ્યક્તિઓને જિનશાસનના અમુલ્ય વારસાનો પરિચય થાય. જિનશાસનના મહામુલા સિદ્ધાંતોને જાણી સમજી, જીવનમાં ઉતારી સહુ જીવો સાચી સુખ શાંતિને અનુભવે એ એકમાત્ર હેતુથી આગમ જ્ઞાતા-ધ્યાતા પરમોપકારી **પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**ના જન્મ શતાબ્દિ પ્રસંગે આ શુભ કાર્યનો પ્રારંભ કરીએ છીએ.

**જૈનોલોજી કોર્સની સાદી સમજ :** જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ પાઠ પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને "સમ્યગ્ જ્ઞાન પ્રવેશિકા". બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને "સમ્યગ્ જ્ઞાન પરિચય" અને ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને "સમ્યગ્ જ્ઞાન વિશારદ" (BJ.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (M.J.) અનેડૉક્ટરેટ (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.

**નિયમાવલી :** ૧) જૈન જૈનેતર બધાજ આ અભ્યાસક્રમમાં ભાગ લઈ શકશે. ૨) તમે ફક્ત રૂ.૧૦૦ (સો) ભરીને પોતાનું નામ નોંધાવી ફોર્મ ભરી શકશો. ૩) તમે ગમે ત્યાં રહીને આ અભ્યાસક્રમમાં ભાગ લઈ શકો છો. ૪) નામની નોંધણી કરાવ્યા પછી તમને પહેલો પાઠ મોકલવામાં આવશે. અભ્યાસક્રમનું વર્ષ જુલાઈથી જુન રહેશે. જુલાઈથી એપ્રિલ દર મહિનાની ૧લી તારીખે પાઠ મોકલવામાં આવશે. મે મહિનામાં કેન્દ્રિય પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. ૫) પ્રશ્નપત્રના જવાબ મોકલવા અનિવાર્ય છે. જવાબ તમે **ગુજરાતી, હિન્દી, અંગ્રેજી** ભાષામાં લખી શકો છો. જવાબના ૨૦% ગુણાંક વાર્ષિક પરીક્ષામાં ઉમેરવામાં આવશે. ૬) પરીક્ષામાં પાસ થવા ૩૫% ગુણાંક મેળવવા જરૂરી છે. ૭) અંતિમ વર્ષની પરીક્ષા પછી મળેલા ગુણાંક પ્રમાણે ગ્રેડ નક્કી કરવામાં આવશે. • ૭૦% અને એના ઉપર વિશેષ યોગ્યતા સાથે પ્રથમ વર્ગ • ૬૦% અને એના ઉપર પ્રથમ વર્ગ • ૪૫% અને એના ઉપર દ્વિતિય વર્ગ • ૩૫% અને એના ઉપર તૃતિય વર્ગ ૮) કેન્દ્રિય પરીક્ષા ૮૦ ગુણાંકની તથા બે કલાકની હશે. જ્યાં ૧૦ કે વધુ વિદ્યાર્થી હશે ત્યાં કેન્દ્રિય પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. ૯) વિશેષ જિજ્ઞાસુ અને અભ્યાસુને વિવિધ ચંદ્રક અને શિષ્યવૃતિથી સન્માનિત કરવામાં આવશે. ૧૦) આ ઉપરાંત વખતોવખત સમયાનુસાર જે ફેરફાર સુધારા કરવા જરૂરી બને તે સંચાલકોને અધિકાર રહેશે.

**કોર્સની વધુ માહિતી-પુછપરછ માટે સંપર્ક સૂત્ર :** ૧) **સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા,** શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧. ફોન: ૨૪૦૨૩૩૬૪૭૫ ૨) **સૌ. ભારતીબેન તિલોકચંદ દંડ,** વીરચંદ નરશી, પો.બો.નં.૧૧, મલકાપુર-૪૪૩૧૦૧ ફોન: ૦૯૫૫૨૫૯૬૬૭૦ ૩) **શ્રી રાયચંદભાઈ હંસરાજ ઘરમશી,** ગ્રીસ હાઉસ, ઝકરીયા બંદર રોડ, શિવડી (વે), મુંબઈ-૪૦૦૦૧૫. ફોન: ૦૯૮૨૦૦૮૪૮૬૭, ૪) **શ્રીમતી ઈન્દિરાબેન જયંતિલાલ વિકમશી,** ૯, જયંત વિલા, ,બીજે માળે, હીંગવાલા લેન, ઘાટકોપર (ઇ), મુંબઈ-૭૭. ફોન: ૦૯૩૨૪૦૩૬૦૫૫, ૫) **સૌ. તૃપ્તિબેન પ્રજેશ વીરચંદ નાગડા,** મે. નારાણજી કાનજી, ન્યૂ કૉટન માર્કેટ, હુબલી-૫૮૦૦૨૯. ફોન: ૦૮૩૬૨૩૫૩૪૮૮

ઉપરોક્ત સ્થળે ફી ભરીને પ્રવેશપત્ર ભરી નામ નોંધાવી શકાશે. આ ઉપરાંત આ અભિયાનમાં સેવાર્થે **માનદ પ્રતિનિધીઓ** આવકાર્ય છે.

વિજ્ઞાપન સૌજન્ય :
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર
(વરાડીયા-મલકાપૂર)

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

EKTA
LAND DEVELOPERS

જવાહર રોડ, હોટલ દિશા પાસે,
નલીયા - કચ્છ.
ફોન નં. (૦૨૮૩૧) ૨૨૨૧૯૧

# Ekta Galaxie




એકતા નગર . ૧, તથા એકતા રૂબી ની ભવ્ય સફળતા બાદ
**એકતા ગેલેક્સી** નું બુકીંગ ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે

એજન્ટ મિત્રો આવકાર્ય

: સંપર્ક :

જુગલ માણેકજી નાગડા - અંજાર : ૦૯૯૭૮૦૦૨૭૭૨
હેમંત ગુલાબચંદ મોમાયા - મુલુન્ડ : ૦૯૮૧૯૦૧૮૧૪૩
કિરણ લખમશી મોતા - નલિયા : ૦૯૯૨૫૯૯૧૧૧૮

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**